RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 217* Date: 28.05.2023, Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-



## નવી દિલ્હીમાં વડાપ્રધાનશ્રીની અધ્યક્ષતામાં નીતિ આયોગની આઠમી ગવર્નિંગ કાઉન્સિલ બેઠક

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં યોજાયેલી નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની આઠમી બેઠકમાં આગામી વર્ષોમાં દેશના અર્થતંત્રમાં ગુજરાતની હિસ્સેદારી ૧૦%થી વધુ કરવાનું લક્ષ્ય સ્પષ્ટ કર્યું હતું.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતની નેમ સાથે વડાપ્રધાનશ્રીએ આવનારા વર્ષોમાં ભારતને પાંચ ટ્રીલીયન યુ.એસ. ડોલર ઈકોનોમી બનાવવાનું આહવાન કર્યું છે. ગુજરાતે આ દિશામાં આગળ વધતા નેશનલ ઈકોનોમીમાં ૧૦% થી વધુ સહભાગીતાનો લક્ષ્યાંક રાખ્યો છે.

નીતિ આયોગની આઠમી ગવર્નિંગ કાઉન્સિલની આ બેઠકમાં દેશના રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ, કેન્દ્રશાસિત પ્રદેશોના ઉપરાજ્યપાલશ્રીઓ તેમજ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોના મંત્રીશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ભારતે વિવિધ ક્ષેત્રે અનેક ઉપલબ્ધિ હાંસલ કરી છે, એટલું જ નહીં તેમના દ્રષ્ટિવંત નેતૃત્વને કારણે ભારતને જી૨૦ની અધ્યક્ષતા કરવાની ઐતિહાસિક તક મળી છે તે માટે અભિનંદન પાઠવ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નીતિ આયોગની આ બેઠકના એજન્ડામાં સમાવિષ્ટ વિષયોમાં ગુજરાતની પ્રગતિ અને સિદ્ધિઓની પ્રભાવક પ્રસ્તુતિ કરી હતી.

તેમણે કહ્યું કે, દેશના આ અમૃતકાળમાં ગુજરાતનો વિકાસ પાંચ સ્તંભના આધારે કરવાના નિર્ધાર સાથે આ વર્ષનું બજેટ ૩ લાખ કરોડ રૂપિયાનું રાખ્યું છે. એટલું જ નહીં આ નાણાકીય વર્ષમાં લગભગ દોઢ ટકા ફિસ્કલ ડેફિસીટ સાથે ગુજરાત ૧૩માં નાણાપંચના બધા જ માપદંડોનું પાલન પણ કરે છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના વિકાસના જે પાંચ સ્તંભ પર બજેટમાં ફોકસ કરવામાં આવ્યું છે તેની વિગતો આપતા કહ્યું કે, ગરીબ અને જરૂરતમંદ વર્ગોને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલિટીઝ અને સોશિયલ સિક્યુરિટી, માનવ સંસાધન વિકાસ, વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડેવલપમેન્ટ ઈન્વેસ્ટમેન્ટ પ્રોત્સાહનથી રોકાણો અને રોજગાર અવસરમાં વૃદ્ધિ તથા ગ્રીન ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ પર ગુજરાતે ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, ટ્રેડિશનલ એનર્જી પ્રોડક્શન હોય કે રીન્યુએબલ એનર્જી સેક્ટર ગુજરાતે એનર્જી સેક્ટરને હંમેશા પ્રાથમિકતા આપી છે. દેશની રિન્યુએબલ એનર્જીની કુલ ઈન્સ્ટોલ્ડ કેપેસિટીના ૧૫% એટલે કે ૨૦ ગીગાવોટ ક્ષમતા ગુજરાતે મેળવી લીધી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉર્જા જરૂરિયાતોમાં ગ્રીન હાઈડ્રોજનના ઉપયોગને વેગ આપવા કરેલા અનુરોધને ગુજરાતે ઝિલી લીધો છે, તેમ તેમણે ઉમેર્યું હતું. નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશન અંતર્ગત વધારાની ૧૦૦ ગીગાવોટ રીન્યુએબલ એનર્જી પ્રોડક્શનનો લક્ષ્યાંક ગુજરાતે નિર્ધારિત કર્યો છે, એમ પણ મુખ્યમંત્રીશ્રીએ ગૌરવસહ જણાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દેશના વિકાસની રફતારને વધુ તેજ ગતિ આપવા વડાપ્રધાનશ્રીએ આપેલા પીએમ ગતિ શક્તિના નવતર વિચાર માટે અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ગુજરાતે આ ક્ષેત્રે સાધેલી ઉલ્લેખનીય પ્રગતિની નીતિ આયોગની આઠમી ગવર્નિંગ કાઉન્સિલને માહિતી આપતા કહ્યું કે, વિકાસ કાર્યો માટે કેન્દ્ર અને રાજ્યના ભિન્ન ભિન્ન ડેટા લેયર્સને પી.એમ. ગતિશક્તિ પ્લેટફોર્મ પર ઈન્ટીગ્રેટ કરનારું દેશનું પ્રથમ રાજ્ય ગુજરાત બન્યું છે. આ અંગેની વિસ્તૃત વિગતો આપતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે અગાઉ કોઈ પણ વિકાસ કાર્યોનું આયોજન કરતા મહિનાઓ થતા પરંતુ હવે થોડા જ અઠવાડિયામાં આખું પ્લાનિંગ થઈ જાય છે અને તેના પરિણામે વિકાસ પ્રોજેક્ટ ગતિપૂર્વક આગળ વધી રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની બેસ્ટ પ્રેક્ટિસિસને નીતિ આયોગની આ બેઠકમાં ઉજાગર કરતા કહ્યું કે, જમીન સંપાદન સાથો સાથ એરિયા ડેવલોપમેન્ટ માટે પણ હવે પી.એમ. ગતિ શક્તિનો ઉપયોગ થાય છે. આ પી.એમ. ગતિશક્તિ પ્લેટફોર્મના માધ્યમથી ભારત નેટની એસેટનો સદઉપયોગ કરીને સમગ્ર ગુજરાતમાં ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર્સ દ્વારા ફાઈવ-જી સર્વિસીસ શરૂ કરવામાં આવી રહી છે, તેનો પણ મુખ્યમંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો હતો.

ગુજરાતે સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં સ્કૂલ, કોલેજ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રો, ગ્રામ પંચાયત ભવન વગેરેના પ્લાનિંગ માટે પણ પી.એમ. ગતિશક્તિનો વ્યાપક ઉપયોગ કર્યો છે તેનું વિવરણ તેમણે આપ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ઈન્ફ્રાસ્ટ્રકચર એન્ડ ઈન્વેસ્ટમેન્ટ સંદર્ભની વિગતો આપતા જણાવ્યું કે, પાછલા બે દાયકાથી દેશના રોકાણકારો માટેના ફેવરિટ ડેસ્ટિનેશન તરીકે ગુજરાત ઉભરી આવ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દીર્ઘદ્રષ્ટિપુણ નેતૃત્વમાં બે દાયકા પહેલા શરૂ થયેલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટથી ગુજરાત મહત્વપૂર્ણ ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન બન્યું છે. હવે આગામી ૨૦૨૪ના જાન્યુઆરીમાં યોજાનારી ૧૦મી વાઈબ્રન્ટ સમિટની તૈયારી ગુજરાતે શરૂ કરી છે, એમ પણ તેમણે ઉમેર્યું હતું. શ્રી ભૂપેન્દ્ર પટેલે એમ પણ જણાવ્યું કે, ઈકોનોમિક એક્ટિવિટીઝ આધારિત શહેરોના વિકાસ પર વધુ ફોકસ કરવાની વડાપ્રધાનશ્રીની સંકલ્પનાને અનુરૂપ ગિફ્ટ સિટી, ધોલેરા અને ડ્રીમ સિટી જેવા ગ્રીનફિલ્ડ આધારિત ઈકોનોમિક સીટીઝનો ગુજરાતમાં વિકાસ થઈ રહ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની મજબૂત અર્થવ્યવસ્થામાં MSMEના મહત્વપૂર્ણ યોગદાનની સરાહના કરતા કહ્યું કે, ૧૨ લાખ જેટલા એમ.એસ.એમ.ઈ ઉદ્યોગ પોર્ટલ પર નોંધાયેલા છે. આ એમ.એસ.એમ.ઈ દ્વારા અંદાજે ૬૩ હજાર કરોડથી વધુના રોકાણ આવ્યા છે અને ૭૫ લાખ લોકોને રોજગારી મળી છે, તેનો પણ મુખ્યમંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો હતો. તેમણે ગુજરાતમાં મહિલા સશક્તિકરણને આપવામાં આવી રહેલી પ્રાથમિકતાની વિગતો આપતા જણાવ્યું કે, પાછલા નવ વર્ષથી સતત જેન્ડર રિસ્પોન્સિવ બજેટ ગુજરાત બનાવે છે. ઉપરાંત મિશન મંગલમ જેવા કાર્યક્રમોથી સેલ્ફ હેલ્પ ગ્રુપને આર્થિક સક્ષમ બનાવી લાખો મહિલાઓના જીવનમાં નવો બદલાવ લાવ્યા છીએ. કન્યા કેળવણીના વડાપ્રધાનશ્રીએ શરૂ કરાવેલા અભિયાનને પરિણામે સ્કૂલમાં દીકરીઓના ડ્રોપઆઉટ રેટ ૧૮% થી ઘટીને માત્ર બે ટકા થઈ ગયો છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓ માટે ૫૦% આરક્ષણ સામે ૫૨% બહેનો આમાં સક્રિય છે, તેનો પણ શ્રી ભૂપેન્દ્ર પટેલે વિશેષ ઉલ્લેખ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં હેલ્થ સેક્ટરની બહેતરીન વ્યવસ્થાઓ અંગેની વિગતો આપતા કહ્યું કે, સ્કૂલ હેલ્થ પ્રોગ્રામ અન્વયે રાજ્યના દોઢ કરોડથી વધુ બાળકોનેની આરોગ્ય તપાસ, નિદાન અને સારવાર વિનામૂલ્યે કરવામાં આવે છે.

રાજ્યમાં સ્વચ્છરૂ-સ્છ યોજનામાં ૪૮ લાખથી વધુ લોકોની વિનામલ્યે સારવાર, ૩૩ જિલ્લાઓમાં કિમોથેરાપી સેન્ટર્સ અને ૨૭૨ સેન્ટર્સ ખાતે ડાયાલિસિસ સુવિધાના નેટવર્ક સહિતની સુવિધાઓની છણાવટ મુખ્યમંત્રીશ્રીએ કરી હતી.

તેમણે કહ્યું કે, ગુજરાતની આવી સુદ્રઢ આરોગ્ય વ્યવસ્થાઓને કારણે જ નીતિ આયોગના ૨૦૨૦-૨૧ ના SDG ઈન્ડિયા ઈન્ડેક્ષમાં ગુજરાતે હેલ્થ એન્ડ વેલનેસ કેટેગરીમાં દેશમાં પ્રથમ ક્રમ મેળવેલો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત ભારતના વડાપ્રધાનશ્રીના સંકલ્પમાં સૂર પુરાવતા ગુજરાતે કૌશલ્ય વિકાસ માટે અપનાવેલા અભિયાનો પણ આ બેઠકમાં વર્ણવ્યા હતા. તેમણે જણાવ્યું કે, રાજ્યમાં લગભગ ૫૯૦ આઈ.ટી.આઈ. કાર્યરત છે. રાજ્યની સ્કિલ યુનિવર્સિટીમાં ૫-જી, ડ્રોન ટેકનોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને સાયબર સિક્યુરિટી જેવા વિષયોના માધ્યમથી સ્કિલ્ડ વર્કફોર્સ તૈયાર થઈ રહ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનને સાકાર કરવામાં ગુજરાત સર્વશ્રેષ્ઠ પ્રદાન કરવા તત્પર છે તેમ પણ ઉમેર્યું હતું. મુખ્ય સચિવ શ્રી રાજકુમાર આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રી સાથે સહભાગી થયા હતા.

## અમરેલીના જાફરાબાદમાં દીપડાએ ૭૦ વર્ષના વૃદ્ધા પર કર્યો હુમલો, વધારે લોહી વહી જતાં થયું મોત

રાજકોટઃ અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના એક ગામમાં શુક્રવારે રાતે દીપડાએ હુમલો કરતાં ૭૦ વર્ષીય વૃદ્ધાનું મોત નીપજ્યું હતું. મૃતક મોંઘી બારેયા સવારે ૨થી ૪ વાગ્યાની વચ્ચે ગામ સરોવાડા આવેલા તેમના ઘર બહાર સૂતા હતા ત્યારે આ ઘટના બની હતી. વન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે, દીપડાએ મહિલાને તેમના ગળાથી પકડી લીધા હતા, વધારે લોહી જવાના કારણે તેમનું સ્થળ પર જ મોત થયું હતું. શિકાર કર્યા બાદ દીપડો જંગલ વિસ્તારમાં ભાગી ગયો હતો. બારેયા એકલા જ રહેતા હોવાથી આ ઘટના વિશે ગામના અન્ય લોકોને જાણ સવારે જ થઈ હતી. શેત્રુંજી વિભાગના નાયબ વન સંરક્ષક જયેન પટેલે જણાવ્યું હતું કે 'પીડિતાનું ઘર ટેકરી પર આવેલું છે અને તે વિસ્તારમાં જંગલી પ્રાણીઓ રહે છે. અમને દીપડાના પગમાર્ક મળ્યા છે. દીપડાએ મહિલાના શરીરનો નાનો ટુકડો ખાધો હતો. અમે દીપડાને પકડવા માટે આ વિસ્તારમાં પાંજરા ગોઠવ્યા છે 'સ્થાનિકોના જણાવ્યા પ્રમાણે, તેઓ ઘણા દિવસથી ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે, કારણ કે તેમના વિસ્તારમાં ઓછામાં ઓછા ત્રણ દીપડા ઘૂસી આવ્યા છે. જિલ્લામાં દીપડા અને સિંહના માણસો પરના હુમલામાં વધારો જોવા મળ્યો છે, જેના પરિણામે કેટલાકના મોત પણ થયા છે. જિલ્લાના લીલીયા, ખાંભા અને સાવરકુંડલા તાલુકામાં દીપડાના હુમલાના કેટલાક કેસ સામે આવ્યા હતા. આ મહિનાની શરૂઆતમાં, રાજુલા રેન્જના જંગલ વિસ્તારમાં આવતા કાતર ગામમાં દીપડાએ ઝૂંપડીમાં સૂઈ રહેલા બે વર્ષના બાળક પર હુમલો કરતાં તેનું મોત થયું હતું. દીપડો તેને ગરદનથી પકડીને નજીકની ઝાડીઓ પાછળ ખેંચી ગયો હતો. આ સિવાય લીલીયા તુલાકાના ખારા ગામમાં સિંહણે પાંચ મહિનાના બાળકને ફાડી ખાધો હતો તો જિલ્લાના સાવરકુંડલા તાલુકાના કરજાળ ગામમાં દીપડાના હુમલાથી ત્રણ વર્ષના બાળકનું મોત થયું હતું.

## અમદાવાદમાં વધી ચાર્ટર ફ્લાઈટ્સની અવરજવર, એપ્રિલ-મેમાં ૧૦૭૫ ખાનગી પ્લેને ઉડાણ ભરી

અમદાવાદઃ ઉનાળો ચાલી રહ્યો હોવા છતાં અમદાવાદના સરદાર વલ્લભભાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ચાર્ટર ફ્લાઈટ્સની અવરજવરમાં વધારો જોવા મળ્યો હતો. એપ્રિલ અને મે (૨૫ મે સુધી)માં સરદાર વલ્લભભાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ૧૦૭૫ ચાર્ટર ફ્લાઈટ ઉપડી હતી. એટલે કે, દર મહિને ૫૫૦ ફ્લાઈટ ઉપડી હતી. એરપોર્ટના સૂત્રોએ પુષ્ટિ કરી છે કે, આ બંને મહિનાઓમાં ઈન્ડિયન પ્રીમિયર લીગની મેચો તેમજ VIP અને કોર્પોરેટ વિઝિટના લીધે ચાર્ટર પ્લેનની અવરજવરમાં ૨૦ ટકાનો વધારો થયો હતો. આ જ પ્રકારની ચાર્ટર ફ્લાઈટની અવરજવર ડિસેમ્બર અને જાન્યુઆરી મહિનામાં જોવા મળી હતી. આ મહિનાઓ દરમિયાન ચૂંટણી, ડિફેન્સ એક્સપો, પ્રમુખ સ્વામી મહોત્સવ યોજાયો હતો જેમાં ભાગ લેવા ભક્તો અને VVIPઓ ચાર્ટર ફ્લાઈટ્સ થકી આવ્યા હતા.ડિસેમ્બર અને જાન્યુઆરી મહિનામાં ૭૫૦ ચાર્ટર ફ્લાઈટ્સ સરદાર વલ્લભભાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતરી હતી, જેની સંખ્યા એપ્રિલ અને મેમાં વધીને ૧૦૭૫ થઈ હતી, તેમ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.આ વીકએન્ડ પર ચાર્ટર ફ્લાઈટ્સની અવરજવરમાં વધારો જોવા મળી શકે છે કારણકે IPLની ફાઈનલ મેચ અમદાવાદમાં યોજાવાની છે. જેથી ક્રિકેટ ફેન્સ અને વીવીઆઈપીઓ રવિવારે મેચ જોવા આવી શકે છે. વધુ એક સૂત્રએ જણાવ્યું, ચેન્નાઈ સુપર કિંગ્સ ટીમ તો ચાર્ટર ફ્લાઈટ થકી અમદાવાદ આવી પણ ગઈ છે. જ્યારે અન્ય ખેલાડીઓ, વીવીઆઈપીઓ અને આમંત્રિતો રવિવારે ચાર્ટર ફ્લાઈટમાં અમદાવાદમાં આવી જશે. ચાર્ટર એરક્રાફ્ટ અને હેલિકોપ્ટરની અવરજવરમાં થયેલો વધારો વિવિધ પરિબળોને આધારિત છે. કોર્પોરેટ ટ્રાવેલ (કંપનીના કામ માટે થતી અવરજવર), વિદેશી નાગરિકોની મુલાકાતો અને લક્ઝરી ટ્રાવેલની વધતી માગ જેવા પરિબળો જવાબદાર છે. મુંબઈ સહિતના નજીકના મોટા એરપોર્ટ પર પાર્કિંગની મર્યાદિત સુવિધા અને ઊંચા ચાર્જીસને લીધે અમદાવાદના સરદાર વલ્લભભાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર નોંધપાત્ર એર ટ્રાફિક ડાયવર્ટ કરવામાં આવ્યો છે, તેમ એવિએશન ઈન્ડસ્ટ્રીના સૂત્રોનું કહેવું છે.૨૫ મેએ એક જ દિવસમાં ૨૭ ચાર્ટર એરક્રાફ્ટ સરદાર વલ્લભભાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આવ્યા હતા. કેટલીકવાર ડિપ્લોમેટ્સ અને વીવીઆઈપીઓની મુલાકાતને લીધે ઈન્ટરનેશનલ ચાર્ટર ફ્લાઈટ્સ અમદાવાદ આવી પહોંચે છે. એરપોર્ટ પર કુલ ટ્રાફિકના ૮થી૧૦ ટકા ટ્રાફિક ઈન્ટરનેશનલ ચાર્ટર એરક્રાફ્ટની અવરજવરથી આવે છે. તાજેતરના મહિનાઓમાં ૮૬ ઈન્ટરનેશનલ ચાર્ટર પ્લેન શહેરના એરપોર્ટ પર લેન્ડ અને ટેકઓફ થયા હતા, તેમ એરપોર્ટના ઉચ્ચ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.પ્રાઈવેટ જેટ ઓપરેટરો નોન-શિડ્યુલ ચાર્ટર સર્વિસ આપે છે તેના લીધે જ ચાર્ટર એરક્રાફ્ટ અને હેલિકોપ્ટર મૂવમેન્ટની ઈકોસિસ્ટમનો વિકાસ થયો છે. નામ ના આપવાની શરતે એક ઓપરેટરે કહ્યું, એવિએશન ટ્રીબ્યૂનલ ફ્યૂઅલની વધતી કિંમત અને અન્ય ખર્ચ છતાં ચાર્ટર પ્લેનની અવરજવરમાં વધારો થયો છે.

## પ્રખર વિદ્વાન શ્રી ગુણવંતભાઈ શાહ અને વરિષ્ઠ આખ્યાન કાર શ્રી ધાર્મિકલાલ પંડયાની મુલાકાતે આવેલા પૂજ્ય મોરારીબાપુ

ગુજરાતના વરિષ્ઠ વિચારક અને જાણીતા સાહિત્યકાર એવમ કટાર લેખક શ્રી ગુણવંત શાહ ની તબિયત થોડા સમયથી નાદુરસ્ત રહેતી હતી. તેઓ હોસ્પિટલ થી સ્વસ્થ થઈ પરત ફર્યા બાદ બાપુને યાદ કરતા હતા. આજે પૂજ્ય બાપુએ વડોદરા એમના નિવાસ્થાને એમની શુભેચ્છા મુલાકાત લઈ તેમની તબિયત અંગે માહિતી મેળવી હતી. મોરબી શ્રી ગુણવંતભાઈ ઝડપથી એમનું સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી લે તેવી શ્રી હનુમાનજી ના ચરણોમાં પૂજ્ય બાપુએ પ્રાર્થના કરી હતી અને કહ્યું હતું કે આ વિચાર યજ્ઞના આચાર્ય હજુ લાંબો સમય ગુજરાતને પોતાના વિચારો આપતા



રહે એવી હું ભાવના વ્યક્ત કરું છું.

એ જ પ્રમાણે ગુજરાતના જાણીતા આખ્યાન કાર પૂજ્ય ધાર્મિકલાલ પંડ્યા ની પણ શુભેચ્છા મુલાકાત આજે પૂજ્ય બાપુએ લીધી હતી. ૯૨ વર્ષની જૈફ વયે એમની સ્વસ્થતાને બાપુએ બિરદાવી હતી. આ તકે પૂજ્ય મોરારીબાપુએ કહ્યું હતું કે મુરબ્બી શ્રી ધાર્મિકલાલ પંડયાને પદ્મશ્રી નો ખિતાબ અર્પણ કરવો જોઈએ. આવું કરવાથી સમગ્ર માણભટ્ટ પરંપરાનું તેમજ આખ્યાન પરંપરાનું પણ સન્માન થયું ગણાશે. આમ પૂજ્ય મોરારીબાપુએ આજે ગુજરાતના એક પ્રખર બૌદ્ધિક અને પરમ હાર્દિક વ્યક્તિત્વો ની મુલાકાત લીધી હતી.

## અંબાજી મંદિરમાં સ્થાપિત થનારા યંત્રની યાત્રાએ અમદાવાદમાં વિરામ લીધો

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૭

રાજ્યના બનાસકાંઠા જિલ્લામાં આવેલા શક્તિપીઠ અંબાજી મંદિરમાં દેશ-વિદેશથી ભક્તો દર્શનાર્થે આવે છે. ત્યારે હવે અહીં આવતા ભક્તોને નવી જ ભેટ મળવા જઈ રહી છે. હવે ભક્તો શક્તિપીઠમાં વિશ્વનું સૌથી મોટા અને મોંઘા મેરુ શ્રી યંત્રના દર્શન કરી શકશે. વિશ્વનું સૌથી મોટું શ્રી યંત્ર ૨૨૦૦ કિલો વજનનું છે. આ શ્રી યંત્રની પ્રતિકૃતિ સમાન શ્રી યંત્રને ચારધામ અને ચાર મઠની યાત્રા કરાવવામાં આવી હતી. જેથી વિઘ્નો ટળી શકે. યાત્રા દરમિયાન યંત્ર અમદાવાદ પહોંચ્યુ હતુ. જ્યાં બે દિવસ દરમિયાન ભક્તોએ તેના દર્શન કર્યા હતા.

ચારધામની યાત્રામાં શ્રી યંત્રની પ્રતિકૃતિ રૂપે ૩૨ કિલો વજનનું મેરુ શ્રી યંત્ર લઈ જવામાં આવ્યું હતું. જ્યાં દરેક મંદિર ધામમાં તેની પૂજા અર્ચના કરવામાં આવી હતી. ચારધામ યાત્રા પૂર્ણ કરી શાસ્ત્રોતક વિધિ વિધાન અને મંત્રોચાર દ્વારા અંદાજિત એક કરોડના ખર્ચે પંચ ધાતુમાંથી ૨૨૦૦ કિલો વજનનું અને સાડા ચાર ફૂટ લંબાઈ પહોળાઈ અને ઊંચાઈ ધરાવતું યંત્ર તૈયાર કરાયુ છે.

આ શ્રી મેરુ યંત્રના નિર્માણ કાર્યમાં કોઈ વિઘ્ન ન આવે તે માટે જય ભોલે ગ્રુપ દ્વારા ચાર ધામ અને ચાર મઠની યાત્રા શરુ કરવામાં આવી હતી. વિશ્વનું સૌથી મોટું શ્રી યંત્ર ૨૨૦૦ કિલો વજનનું છે તેની શ્રી યંત્ર ની પ્રતિયુતિ સમાન આ શ્રી યંત્રને ચારધામ અને ચાર મઠની યાત્રાએ લઈ જઈ ૧૭ દિવસ ૧૭ મંદિર અને ૧૭ રાજયોની સફળ કરીને આ યાત્રાને વિરામ આપ્યો હતો અને તે વિના વિઘ્નપૂર્ણ થાય તે માટે આ યાત્રા કરી હતી.

અમદાવાદના જય ભોલે ગ્રુપ દ્વારા આયોજીત "શ્રી યંત્ર"ને દર્શન માટે બે દિવસ અમદાવાદમાં ખુલ્લુ મુકાયું હતું. તા.૨૪ મે ૨૦૨૩ અને તા.૨૫ મે ૨૦૨૩ના રોજ એક હજાર ધાર્મિક જનતાએ "શ્રી યંત્ર" ના દર્શન કર્યા હતા અને દર્શનનો લાહ્વો લીધો હતો.

## બાલાજી મંદિર ટ્રસ્ટ વિવાદ મુદ્દે બંને પક્ષોએ કલેક્ટર સમક્ષ જવાબ રજુ કર્યો, હવે કોર્ટમાં રિપોર્ટ રજૂ કરાશે

(એ.આર.એલ),રાજકોટ,તા.૨૭

બાલાજી મંદિર ટ્રસ્ટ વિવાદમાં બંને પક્ષોએ કલેક્ટર સમક્ષ જવાબો રજૂ કર્યા છે. બાલાજી મંદિર ટ્રસ્ટે પુરાવા સાથે જવાબ રજૂ કર્યોછે. કલેક્ટર પ્રભવ જોષીએ બંને પક્ષકારોને સાંભળ્યા છે. હવે કલેક્ટરે પુરાવા સાથે પોતાનો રિપોર્ટ કોર્ટમાં રજૂ કરશે. મંદિરના કોઠારી સ્વામી વિવેકસાગરે કહ્યું કે તેમણે કોઈ ગેરકાયદે બાંધકામ નથી કર્યું. જેના પુરાવા સાથે કલેક્ટર સમક્ષ જવાબ રજૂ કરવામાં આવ્યો છે. જરૂરી દસ્તાવેજો સાથે રાજકોટ મહાનગરપાલિકામાં પણ મંજૂરી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. બીજીતરફ ગજાનંદધામ કરણસિંહજી હાઈસ્કૂલ બચાવો સમિતિના સભ્યોએ પણ કલેક્ટર સમક્ષ જવાબ રજૂ કર્યો છે. કરણસિંહજી હાઈસ્કૂલના પૂર્વ આચાર્ય સિદ્ધરાજસિંહ ઝાલાએ કહ્યું કે સરકારે મૂકેલી શરતોનો ભંગ કરવામાં આવ્યો છે. પહેલેથી જ કીધુ હતુ કે શાળાનું રિનોવેશન કરવા નથી માગતા પણ શાળા પાડી નાખવા માંગેછે. આ મામલે જિલ્લા કલેક્ટરને પુરાવા આપ્યા છે. સિદ્ધરાજસિંહ ઝાલાએ કહ્યું કે- કલેક્ટરે અન્યાય નહીં થાય તેવી ખાતરી આપી છે. રાજ્ય સરકાર દ્વારા ભુપેન્દ્ર રોડ પર આવેલી કરણસિંહજી હાઈસ્કૂલ જે જર્જરિત થઈ ગઈ છે. તેના રિનોવેશન માટે અને શૈક્ષણિક હેતુ માટે બાજુમાં આવેલા બાલાજી મંદિર ટ્રસ્ટને સોંપી હતી. મંદિર ટ્રસ્ટ દ્વારા આ જગ્યાને તેની મૂળ સ્થિતિમાં ફેરફાર કર્યા વગર જ તેનુ રિનોવેશન કરીને ત્યાં સંસ્કૃત પાઠશાળા બનાવવાનો હુકમ કરવામાં આવ્યો હતો. જો કે મંદિર ટ્રસ્ટ દ્વારા અહીં ૨૦ ચોમી જગ્યામાં આવેલા મંદિરને વિશાળ બનાવવામાં આવ્યું હતું અને મહાનગરપાલિકા કે જિલ્લા કલેક્ટરની પરવાનગી મેળવ્યા વગર જ આ બાંધકામ શરૂ કરી દેવામાં આવ્યું હતું. એટલું જ નહિ મંદિર પરિસરમાં આવેલો ચબુતરો તોડી પાડવામાં આવ્યો હતો. જ્યારે બાજુમાં આવેલા અન્નક્ષેત્ર પણ ચાલુ ન થાય તે રીતે તેમાં આજુબાજુ પથ્થરો પતરા સહિતની ચીજવસ્તુઓ રાખી દેવામાં આવી હતી. જેને લઈને વિવાદ સર્જાયો હતો.

Home/Personal Tuition
Physics
Dr. Chintan Trivedi
M.Sc, M.Phil, Ph.D in Physics and 15 years of teaching experience
Admission open year 2023-24
Special Batch for Repeater students starts from 10th May, 2023
11TH -12TH Science Board/NEET/JEE
Call Or Whatsapp for Demo : 9925260536
Place : Gandhinagar

તમામ જ્ઞાતિના ઉચ્ચ અભ્યાસ ધરાવતા
ઉમેદવારો માટે જીવનસાથી પસંદગી સંમેલન
બ્રાહ્મણ, પટેલ, વૈષ્ણવ, જૈન, ઠક્કર, સોની, મોદી, ભાવસાર, ખત્રી તેમજ વિશ્વકર્મા વંશજના લુહાર, પંચાલ, ગજ્જર તથા સુથાર સમાજના અપરિણીત યુવક-યુવતીઓ, વિધૂર, વિધવા, છૂટાછેડાવાળા પાત્રો ભાગ લઈ શકશે.
તા. ૧૧-૬-૨૦૨૩ રવિવાર
સમય : બપોરે ૩:૦૦ થી ૭:૦૦
સ્થળ : એચ.એચ. બત્રીસી હોલ, કલેક્ટર કચેરીની બાજુમાં, ગાંધી આશ્રમ સામે, સુભાષબ્રીજ, અમદવાદ.
રજીસ્ટ્રેશન માટેની છેલ્લી તારીખ 31.5.2023
-: આયોજક :-
લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ હેપ્પીનેસ અને સપ્તપદી મેરેજ બ્યૂરો
૫૫, ગ્રાઉન્ડ ફ્લોર, અજન્ટા કોમર્શીયલ સેન્ટર, ઈન્કમટેક્ષ, આશ્રમરોડ, અમદાવાદ
રજીસ્ટ્રેશન માટે બાયોડેટા અને પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે સંપર્ક કરો
મો. ૯૪૨૬૪ ૧૭૭૬૬, ૯૧૭૩૧ ૮૫૧૦૯
ઓ. ૦૭૯-૪૦૩૨૨૭૧૯

## તંત્રી સ્થાનેથી...

# લોકશાહીના મંદિર સમાન સંસદ ભવનના ઉદ્દઘાટનને વિવાદનું ગ્રહણ

વિશ્વના સૌથી મોટા લોકતંત્ર ભારત માટે એ વિટંબણા છે કે નવા સંસદ ભવનના ઉદ્દઘાટન મામલે સત્તાકીય મથામણ મચી છે. કેટલાક રાજકીય દળોએ ૨૮ મેના રોજ થનાર સમારોહના બહિષ્કારનું એલાન કર્યુ છે. નવા સંસદ ભવનના ઉદ્દઘાટનનો મામલો હવે સુપ્રીમ કોર્ટ પહોંચ્યો છે. જેમાં દાખલ કરાયેલ પીઆઈએલમાં માંગ કરવામાં આવી છે કે સંસદના નવા ભવનનું ઉદ્દઘાટન રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે. નોંધનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સંસદભવનના ઉદ્દઘાટનનો વિરોધ કરતા ઘણા વિરોધ પક્ષોએ કાર્યક્રમનો બહિષ્કાર કરવાની વાત કરી છે. જેમાં રાજદ, એનસીપી, ડીએમકે, તૃણમૂલ કોંગ્રેસ, સપા, આપ, વીસીકે, એઆઈએમઆઈએમ, ઠાકરે જૂથ તથા ડીએમકે પાર્ટી સહિત કેટલાક રાજકીય દળોએ કાર્યક્રમનો બહિષ્કાર જાહેર કર્યો છે. આ વિવાદની શરુઆત રાહુલ ગાંધીના એક ટવીટથી થઇ હતી. જેમાં તેઓએ કહયું હતું કે, સંસદ ભવનનું ઉદ્દઘાટન રાષ્ટ્રપતિ દ્વારા થવું જોઇએ. જો વડાપ્રધાન ઉદ્દઘાટન કરે છે તો તે રાષ્ટ્રપતિનું અપમાન હશે. ભારતના રાજકીય દળોએ એ વિચારવું જોઇએ કે સંસદ ફકત નવી ઈમારત નથી. પરંતુ દેશની પુરાણી પરંપરાઓ, મૂલ્યો અને નિયમો સાથેનું સન્માનિત પ્રતિષ્ઠાન છે. જે ભારતીય લોકશાહીનો પાયો છે. ૮૬૨ કરોડના ખર્ચ બનતા સંસદ ભવનનું કામ સંપૂર્ણ થઇ ગયું છે. ગત ૧૦ ડિસે.૨૦૨૦ના રોજ વડાપ્રધાને સંસદ ભવનની આધારશિલા મૂકી હતી. જયારે ૧૫ જાન્યુ.૨૦૨૧ના રોજ બાંધકામ શરુ થયું હતું. જો કે આ ભવન ગત વર્ષ નવેમ્બર માસમાં પૂર્ણ થવાનું હતું. સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેકટ અંતર્ગત બનેલ આ બિલ્ડીંગ વડાપ્રધાનનો ડ્રીમ પ્રોજેકટ છે. જૂનું સંસદભવન ૪૭ હજાર ૫૦૦ વર્ગમીટરમાં છે. જયારે નવી બિલ્ડીંગ ૬૪ હજાર ૫૦૦ વર્ગ મીટરમાં બનાવવામાં આવી છે. મતલબ કે જૂના કરતાં નવું ભવન ૧૭ હજાર વર્ગમીટર મોટું છે. ભૂકંપપ્રુફ હોવા સાથે ૪ માળના નવા સંસદ ભવનમાં ૩ દરવાજા છે. જેને જ્ઞાન દ્વાર, શક્તિ દ્વાર અને કર્મ દ્વાર નામ અપાયું છે. સંસદ ભવનની ડીઝાઈન એચસીપી ડિઝાઈન, પ્લાનિંગ એન્ડ મેનેજમેન્ટ પ્રા.લિ.એ તૈયાર કરી છે. સાંસદો અને વીઆઈપી માટે અલગ એન્ટ્રી આપવામાં આવી છે. હાલની લોકસભામાં ૫૯૦ લોકોની બેઠક વ્યવસ્થા છે. જયારે નવી લોકસભામાં ૮૮૮ બેઠક વ્યવસ્થા અને વિઝિટર્સ ગેલેરીમાં ૩૩૬થી વધુ લોકો બેસી શકશે. નવી રાજયસભામાં ૩૮૪ બેઠકો અને વિઝિટર્સ ગેલેરીમાં ૩૩૬થી વધુ લોકોની બેઠક વ્યવસ્થા છે. હાઈટેક કેફે અને ડાઈનિંગ એરિયા છે. કોમન રુમ, મહિલાઓ માટે લોન્ઝ તથા વીઆઈપી લોન્ઝની પણ વ્યવસ્થા છે. કમિટી મીટીંગ માટે જુદા જુદા રુમમાં હાઈટેક ઈક્વિપમેન્ટ લગાવાયા છે. જો કે હાઈટેક સુવિધા સહિતના ભવનના ઉદ્દઘાટન સમારોહનો ૧૯ રાજકીય દળોએ વિરોધ કર્યો છે. જો કે વાઈઆરએસ, બીજૂ જનતા દળ અને તેલુગુ દેશમ પક્ષે સમારોહમાં સામેલ થવાની વાત કરી છે. ખરેખર પક્ષોએ સામેલ થવું જ જોઇએ. સંસદ ભવન ઉદ્દઘાટન સમારોહને રાજનીતિ મંચ બનાવવો કયારેય સત્ય ન હોઇ શકે. રાજનીતિમાં સમર્થન અને વિરોધ જુદા મુદ્દા છે. દેશની સૌથી મોટી પંચાયત ભવનનું સન્માન કરવું જોઇએ. વિરોધ માટે તો અનેક તક હોય છે પરંતુ જયારે દેશના સન્માનની વાત હોય ત્યારે સૌએ એકજૂથ થઇને સાથે ઉભા રહેવું જોઇએ, આ લોકતંત્રનું મૂળ છે.

## વલ્લભ વેદાંત દર્શનઃ૬

આ ધન્ય દિવસ, વિક્રમ સંવત ૧૯૪૯ના શ્રાવણ સુદ અગિયારસનો હતો. શ્રાવણ મહિનો અને શુક્લ પક્ષ એકાદશીનો શુભ દિવસ. તે દિવસે મધ્યરાત્રિએ આપશ્રી ઠકુરાણીઘાટ પર બિરાજતાં હતાં. તેમના મનમાં ગડમથલ ચાલતી હતી કે, ભગવાને મને દૈવી જીવોનો ઉદ્ધાર કરવાની આજ્ઞા કરી છે, તે માટે ભૂતલ પર પદાર્પણ થયું છે. ભૂતલના જીવો પંચવિધ દોષોથી ભરેલા છે, અને ઠાકોરજી નિર્દોષ છે. દોષોથી ભરેલાનો નિર્દોષ સાથે સંબંધ કેવી રીતે શક્ય બને?

મધ્ય રાત્રીએ વલ્લભ લૌકિક જીવોના ઉદ્ધાર માટે ચિંતા સેવી રહ્યાં છે, શ્રીથી દૂર થયેલા જીવોનો શ્રી સાથે સંબંધ બંધાવવા, જીવોના આત્મ કલ્યાણ માટે ઊંઘને વેરણ કરી રહ્યાં છે. આપશ્રીની ચિંતા દૂર કરવા સાક્ષાત પ્રભુને પ્રકટ થવું પડ્યું. તેમણે કહ્યું:× વલ્લભ તમે ચિંતા ન કરો. હું તમને ગદ્ય મંત્ર આપું છું. તમે એ ગદ્યમંત્ર જે જીવોને આપશો તે જીવોના દોષો દૂર થશે. હું તેનો સ્વીકાર કરીશ.

ગદ્ય મંત્ર એ આત્મનિવેદનનો મંત્ર છે. જેણે પોતાનું સર્વસ્વ પ્રભુને સમર્પણ કર્યું, તેણે પોતાના ગુણદોષો પણ પ્રભુને સમર્પિ દીધાં. પોતે વિશુદ્ધ બની ગયો. બ્રહ્મ સાથે સંબંધને યોગ્ય થયો. વલ્લભે જીવનો હાથ પકડી, પ્રભુના હાથમાં સોંપ્યો. પ્રભુ સાથે જીવનું પાણિગ્રહણ થયું. પ્રભુ તેને શરણે આવેલાનો હાથ ક્યારેય ન છોડે. વલ્લભની ચિંતા દૂર થઈ, તત્ક્ષણ આપશ્રીએ કેસરમાં રંગેલું સૂતરના ૩૬૦ તારનું પવિત્રુ પ્રભુને ધરાવી, મિસરી ભોગ ધરાવ્યાં. અને પોતાની સમક્ષ પ્રભુ ગોકુળચંદ્રમાજીના સ્વરૂપમાં ઉભા હતા તે સ્વરૂપની સ્તુતિ કરી. અને એ રીતે ★મધુરાષ્ટકમ★ સ્તોત્ર રચાયું. આપશ્રી એ ભાવપૂર્વક મધુર પ્રભુના મનમોહન મધુર સ્વરૂપની સ્તુતિ કરી.

આ દિવસ 'પવિત્રા એકાદશી' નો દિવસ ગણાય છે. આજે પુષ્ટીમાર્ગ પ્રકટયો. અત્યાર સુધી બ્રહ્મવાદનું નિરૂપણ હતું. માયાવાદનું ખંડન હતું. નિજભક્તોને શરણમાં લેવાનું કાર્ય ચાલું હતું. તેઓને માર્ગનો ઉપદેશ પણ આપ્યો હતો. પરંતુ તેઓનો સંબંધ પોતાના સ્વામી કૃષ્ણ સાથે કરાવ્યો ન હતો. અર્થાત કૃપા માર્ગ શોધાયો ન હતો.

કૃષ્ણની કૃપા એટલે પુષ્ટિ. હવે પુષ્ટિમાર્ગનું પ્રવર્તન થયું હતું. ધન્ય એ દિવસ જ્યારે નિઃસાધન જીવોના ઉદ્ધાર માટેનો માર્ગ ગુરુશ્રી વલ્લભે વિચાર્યો અને પ્રભુજીએ સ્વમુખે બતાવ્યો.

પ્રાતઃકાળે શ્રીવલ્લભે સૌ પ્રથમ પોતાના પ્રિય શિષ્ય 'દમલા' (શ્રી દામોદરદાસ હરસાની)ને બ્રહ્મસંબંધનો મંત્ર આપ્યો અને 'સિદ્ધાંત રહસ્ય' સ્તોત્ર દ્વારા એ મંત્રનું રહસ્ય સમજાવ્યું. ત્યારે પુષ્ટિમાર્ગનો પ્રથમ યાત્રી એ માર્ગમાં પ્રવેશ પામી ચૂકયો.

શ્રીવલ્લભ પુષ્ટિ સંપ્રદાયમાં ગુરુદેવનું સ્થાન ધરાવે છે. વલ્લભ વંશના પુરુષવંશજો બ્રહ્મસંબંધ મંત્ર આપી શકે છે છતાં તેઓ તે ગુરુ તરીકે તેમ કરતાં નથી. તેઓ તો માત્ર ગુરુદ્વાર છે.

યાત્રા તરફ આગળ વધતાં પહેલાં ગદ્યમંત્રનો મહિમા સમજી લઈએ.

'બ્રહ્મસંબંધ અને તેનું તાત્પર્યઃ'



બ્રહ્મસંબંધમાં બે શબ્દો છેઃ બ્રહ્મ+સંબંધ. તેનો સાદો અર્થ થાય, બ્રહ્મની સાથેનો સંબંધ. It is an union of soul with god-fúñ.

આત્માનું પરમાત્મા સાથેનું ઐક્ય એટલે બ્રહ્મસંબંધ.

શ્રીવલ્લભાચાર્યજીએ બ્રહ્મસંબંધમાં આત્માના બ્રહ્મના આધિદૈવિક સ્વરૂપ(પૂર્ણ પુરુષોત્તમ કૃષ્ણ) 'શ્રીકૃષ્ણ' સાથેના ઐક્યની-જોડવાની વાત કહી છે.

જીવ અપરિમિત સમયથી ભગવાનમાંથી છૂટો પડ્યો છે. તે તેનો અંશ હોવા છતાં અવિદ્યાના કારણે પોતાના સ્વરૂપને ભૂલી ગયો છે અને વિવિધ તાપને વેઠી ભવસાગરમાં અટવાય પડ્યો છે. બ્રહ્મથી છૂટા પડવાને કારણે તે પાંચ પ્રકારના દોષો ૧.સહજ,( પ્રાણાધ્યાસ) ૨. દેશોત્થ,(દેહાધ્યાસ) ૩. કાલોત્થ,(સ્વરૂપ વિસ્મૃતિજન્ય) ૪. સંયોગજન્ય,(અંતઃકરણાધ્યાસ) ૫. સ્પર્શજન્ય.(ઈન્દ્રિયાધ્યાસ) દોષોથી ગ્રસ્ત થયેલ છે. આ દોષો પંચપર્વા અવિદ્યાજન્ય છે. જેના કારણે ભગવાન સાથેનો તેનો પુનઃ સંબંધ શક્ય રહ્યો નથી. તેથી પ્રભુ યમુના કિનારે સાક્ષાત પ્રગટ થઈ, એક મંત્ર વલ્લભ ને આપે છે અને વલ્લભને કહે છેઃ વલ્લભ, આ મંત્ર તમે જેને પણ આપશો તેનાં બધાં દોષો નિવૃત થઈ મારી સાથે જોડાવા લાયક બનશે. અને આ મંત્ર દ્વારા તમે જેને દીક્ષિત કરશો તેનો હું કદી પણ ત્યાગ નહીં કરું. આ ગદ્યમંત્રની દીક્ષાને બ્રહ્મસંબંધ કહે છે. બ્રહ્મસંબંધની પ્રક્રિયામાં ગૂઢ તત્વજ્ઞાન રહેલું છે.

નવધા ભક્તિ (શ્રવણ, કીર્તન, સ્મરણ, અર્ચન, વંદન, પાદસેવન, સખ્ય, દાસ્ય, આત્મનિવેદન)નાં એક પછી એક સોપાન ચઢતાં ભક્ત જ્યારે સખ્ય દાસ્ય અને આત્મનિવેદન ભક્તિના પગથિયે પહોંચે છે ત્યાંથી ×બ્રહ્મસંબંધની× આધારભૂમિ રચાય છે. સખ્ય ભક્તિની સીમા વટાવી દાસ્ય ભક્તિ તરફ જ્યારે જીવ આગળ વધે છે ત્યારે બ્રહ્મના અંશી પણામાં અને પોતે તેનો 'અંશ' છે માટે 'દાસ' છે, ભગવાન તેના સ્વામી છે એવો ભાવ પ્રગટ થાય છે. ભગવાનના દાસત્વના અહેસાસથી તેનામાં સર્વસ્વ સમર્પણની, પોતાનું જે કાંઈ જીવ માની બેઠો છે તે સર્વ કાંઈનું પોતાના સ્વામીનાં ચરણોમાં આત્મનિવેદન કરવાને તે તત્પર બને છે. બ્રહ્મસંબંધના મૂળમાં આજ ભાવના નિહિત છે. આમ નવધા ભક્તિનું અંતિમ ચરણ × બ્રહ્મસંબંધ×ના ભાવની પૂર્વભૂમિકા બને છે.

આત્મનિવેદનની પ્રક્રિયા- તન-મન-ધન ઈત્યાદિ સર્વસ્વ સમર્પિત કરવાની વાત છે તે મહત્વપૂર્ણ છે. સેવાનો અધિકાર મળે છે. સેવાનું પ્રત્યેક કાર્ય અલૌકિક(Divine) હોય છે. કારણકે ત્યારે ભગવાન એ જીવનનું દષ્ટિબિંદુ બની જાય છે- God is at the center of all actions.- પછી ભગવાનની સેવા એ જ જીવનું કર્મ અને કર્તવ્ય બની જાય છે.

'બ્રહ્મસંબંધ મંત્રનો ભાવાર્થ'

×ભગવાનથી વિખુટા પડે હજારો વર્ષોનો સમય વ્યતીત થવાથી તેના તાપઃ કલેશનો આનંદ જેને તિરોધાન થયો છે તેવો હું જીવ, ભગવાન કૃષ્ણ(શ્રી ગોપીજન વલ્લભ)ને મારો દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ, તેના ધર્મો, સ્ત્રી, પુત્ર, પરિવારજનો, ધન, આલોક, પરલોક, આત્મા સહિત સમર્પણ કરું છું. હું દાસ છું. હે કૃષ્ણ, હું તમારો છું.×

આ મંત્ર ગદ્યમાં હોવાથી તેને ગદ્યમંત્ર પણ કહે છે. તેના છેલ્લા પાંચ અક્ષર 'શ્રી પંચાક્ષરમંત્ર' કહેવાય છે. આ મંત્ર દ્વારા જીવ પોતાનું સર્વસ્વ પ્રભુને નિવેદન(સમર્પણ) કરે છે. તેથી તેને 'નિવેદન મંત્ર' પણ કહેવાય છે. તેના દ્વારા બ્રહ્મ સાથે જીવનો સંબંધ ફરીથી જોડાય છે. માટે તેને 'બ્રહ્મસંબંધ મંત્ર' પણ કહેવાય છે.

મહાભારતના યુદ્ધ દરમિયાન દ્રોણ જાહેર કરે છે કે 'આજે અર્જુન નહીં કે હું નહીં' આ બાબત જ્યારે અર્જુનને પૂછવામાં આવ્યું કે દ્રોણની આવી પ્રતિજ્ઞાથી તને ડર નથી લાગતો? ત્યારે અર્જુન કહે છે કે 'હું નિશ્ચિન્ત છું કારણ કે હું શ્રીકૃષ્ણને શરણે છું'. ભગવાનની શરણાગતિ સ્વીકાર્યા પછી મનુષ્યે વિપરીત દેખાતાં પરિણામોમાં પણ સ્વસ્થતા જાળવવી જોઇએ, કેવળ સાક્ષીભાવે જોયા કરવું જોઈએ. 'બ્રહ્મસંબંધ'ની પ્રક્રિયામાં આ ગૂઢ તત્વજ્ઞાન રહેલું છે.

બ્રહ્મસંબંધ એટલે તન-મન-ધનથી પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ સાથે જોડાઈ જવું. શ્રીવલ્લભાચાર્યજી શ્રુતિવાક્ય 'તત્ત્વમસિ' જેનો શાંકરમત પ્રમાણે 'તે તું છે'. તત્-બ્રહ્મ-આત્મા. આત્માનું બ્રહ્મમાં લીન થઈ જવું તે અથવા એકરૂપ થઈ જવું તે. બ્રહ્મસંબંધમાં આત્માનું પરમાત્મામાં લીન થઈ જવું તેવો અર્થ નથી. In reality તો આત્માનું પરમાત્મામાં 'તલ્લીન થઈ' જવું તેનું નામ 'બ્રહ્મસંબંધ' છે.


વલ્લભાચાર્ય પ્રેરિત પુષ્ટિમાર્ગ વેદપ્રતિપાદિત છે. તેથી જેવી રીતે તેના સર્વ સિદ્ધાંતો - વેદ, બ્રહ્મસૂત્ર, ભગવદ ગીતા અને ભાગવતજી પર આધારિત છે, તેવી રીતે આ મંત્રનો ભાવ પણ વેદમાં બૃહદારણ્યક ઉપનિષદના અધ્યાય ચારના પાંચમા બ્રાહ્મણમાં, ગીતાના નવમા અધ્યાયના સત્તાવીસમાં શ્લોકમાં તથા બારમા અધ્યાયના ચૌદમાં શ્લોકમાં, તથા શ્રીમદ્દભાગવતના અગિયારમાં સ્કંધના બીજા-ત્રીજા-અગિયાર અને ઓગણીસ અધ્યાયમાં નિરૂપણ કરવામાં આવ્યો છે.

બ્રહ્મસંબંધનું તાત્ત્વિક દર્શન શ્રીવલ્લભાચાર્યે પોતાના ષોડશ ગ્રંથ પૈકીના 'સિદ્ધાંત રહસ્ય' નામક ગ્રંથમાં સ્પષ્ટ કર્યું છે.

હવે આપણે આ ગદ્યમંત્ર-નિવેદનમંત્ર ને decode કરશું.

ક્રમશઃ **લેખનઃ ભરત સાંગાણી**

# દેશ ના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ




ઉત્તરપ્રદેશના અલ્હાબાદમાં ૧૪મી નવેમ્બરના દિવસે ધનવાન વકીલ મોતીલાલ નહેરુને ત્યાં ૧૮૮૯માં જવાહરલાલનો જન્મ થયો હતો જવાહરલાલ મોતીલાલના એક માત્ર પુત્ર હતા જવાહરલાલને ૩ બહેનો હતી. જવાહરલાલ બાળકોને ખુબ જ પ્રેમ કરતા હતા તેથી બાળકોમાં જવાહરલાલ ચાચા નહેરુના હુલામણા નામે જાણીતા હતા ભારત સરકારે પણ ૧૪ મી નવેમ્બર જવાહરલાલના જન્મદિવસને બાળ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું હતું. જવાહરલાલના પિતાનું નામ મોતીલાલ નહેરુ હતું માતાનું નામ સ્વરૂપ રાણી નહેરુ હતું મોતીલાલ ખુબ જ ધનવાન વકીલ હતા મોતીલાલ કાશ્મીરી પંડિત હતા મોતીલાલ કોંગ્રેસના પ્રમુખ પણ રહી ચૂક્યા છે. જવાહરલાલે દેશવિદેશમાં નામાંકિત શાળાઓ કોલેજોમાં શિક્ષણ મેળવ્યું હતું ૧૯૧૬ માં જવાહરલાલના લગ્ન કમલા નહેરુ સાથે થયા હતા તેમને ઈન્દિરા નામે એક પુત્રી હતા ઈન્દિરા તેમના પિતાને જ માર્ગદર્શક અને ગુરુ માનતા હતા ઈન્દિરાએ રાજનીતિના પાઠ જવાહરલાલ પાસે જ શીખ્યા હતા ઈન્દિરાએ દેશની આઝાદીની લડાઈ ખુબ નજદીકથી જોઈ હતી પાછળથી ઈન્દિરા દેશના પહેલા મહિલા પ્રધાનમંત્રી બન્યા હતા. ગાંધીજી મારફત ચલવવામાં આવતી સવિનય કાનૂન ભંગ લડતથી નહેરુના પરિવારના સભ્યો ખુબ જ પ્રભાવિત થયા હતા મોતીલાલએ આનાથી પ્રભાવીત થઈ પોતાની સંપત્તિનો ત્યાગ કર્યો અને ખાદીનો પહેરવેશ ધારણ કર્યો.

વરસ ૧૯૨૦ થી ૧૯૨૨ સુધી ગાંધીજીએ અસહકાર આંદોલન ચલાવ્યું હતું એમાં જવાહરલાલે ખુબ સક્રિય આગળ પડતું યોગદાન આપ્યું હતું આ આંદોલનને કારણે નહેરુને ઘણી વખત જેલમાં પણ જવું પડ્યું હતું. જવાહરલાલ ૧૯૨૪ માં બે વરસ માટે અલ્હાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પ્રમુખ પણ બન્યા હતા ૧૯૨૬ થી ૧૯૨૮ સુધી જવાહરલાલ ઓલ ઇન્ડિયા કોંગ્રેસના મહામંત્રી પદે પણ ચૂંટાયા હતા. વરસ ૧૯૨૯માં જવાહરલાલ લાહોરમાં કોંગ્રેસના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા બધાએ ભેગા મળી સંપૂર્ણ સ્વતંત્ર માટે ઠરાવ કર્યો. જવાહરલાલે ૨૬ મી જાન્યુઆરી ૧૯૩૦માં લાહોરમાં સ્વતંત્ર ભારતનો રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. જવાહરલાલ ૧૯૩૬ /૧૯૩૭ માં ફરી એકવાર કોંગ્રેસના પ્રમુખપદે ચૂંટાયા .૧૯૪૨ માં મહાત્મા ગાંધીએ હિંદ છોડો આંદોલન શરૂ કર્યું આ આંદોલનમાં નહેરુની ધરપકડ કરવામાં આવી. ૧૯૪૭માં ભારત અને પાકના ભાગલા વખતે અંગ્રેજ સરકાર સાથે વાટાઘાટો કરવામાં જવાહરલાલે ખુબ જ મહત્વપૂર્ણ ભુમિકા ભજવી હતી. ૧૯૪૭ માં ગાંધીજીના કહેવાથી જવાહરલાલને દેશના પહેલા વડાપ્રધાન બનાવવામાં આવ્યા હતા.જવાહરલાલ નહેરુ સતત ત્રણ વાર વડાપ્રધાન બન્યા હતા ચાલુ કાર્યકાલે જ હાર્ટએટેક આવતા નહેરુનું અવસાન થયું હતું. જેલમાં રહી નહેરુએ અનેક પુસ્તકો લખ્યા હતા જેમાં પુત્રી ઈન્દિરાને લખેલા પત્રો પિતાના તેમની પુત્રીને પત્રો ભારતની શોધ મુખ્ય છે. ભારત સ્વતંત્ર થયું ત્યારે ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ ના દિવસે સ્વતંત્ર ભારતનો પ્રથમ વાર ધ્વજ લહેરાવવાનું બહુમાન એક માત્ર જવાહરલાલ નહેરુને પ્રાપ્ત થયું હતું. **અબ્બાસભાઈ કૌકાવાલા.**

**સુરત**

## કોમ્પ્રોમાઈઝ!!

"આ મારું વિઝીટીંગ કાર્ડ છે"આમ કહી તેમણે મારા હાથમાં કાર્ડ થમાવ્યું.

"નરેન્દર અગ્રવાલ,સીએમડી-ઈન્ડિયન હેવી ઈલેકટ્રોનિક કોર્પોરેશન"

કાર્ડ પર સોનેરી અક્ષરો. કર્વીંગ લેટરમાં પ્રિન્ટ થયેલા.

વિઝીટીંગ કાર્ડ તો એમણે કહેલું.બાકી તો લંચ બોકસ જેવો ડબ્બો.

" આ એક કાર્ડ મંત્રી સાહેબ માટે છે. બીજું ચોબેજી તમારા માટે છે."અગરવાલ સાહેબ બોલ્યા. રાજધાનીમાં આવી બાબતની નવાઈ કે છોછ નથી. મંત્રી માટે જે કાંઈ આવે તે નવાણુ ટકા તેના પીએસ એટલે કે પોઠિયા માટે આવે જ.

મેં મારા વાળો ડબ્બો ખોલ્યો. કાર્ડ સાથે પાંચ તોલાનું સોનાનું બિસ્કીટ. ડ્રાય ફ્રુટ પિયરે કાર્ડીનની પેન.

"ચોબેજી, એક ફેવર કરો. ગમે તે ભોગે સરની મીટીંગ ફિક્સ કરાવી દો. મારી ડીલ થઈ જાય તો સાહેબ અને તમને ન્યાલ કરી જઈશ" અગરવાલ સાહેબ ઉવાચ.

"માલિક હમણાં તો સાહેબનું શિડયુલ ટાઈટ છે. ચાલો આવતા મહીને જુગાડ કરી દઉં." મેં મીઠાશથી કહ્યું.

અગરવાલની મુલાકાત મંત્રી સાહેબ સાથે ફિકસ કરી. પીએસ હોવાથી હું હાજર રહ્યો.

"સર સપ્ટેમ્બરમાં મારો સીએમડીનો ત્રણ વરસનો ટેન્યોર પૂરો થાય છે. પેટ છૂટી વાત કરૂં તો મારો ટેન્યોર છ મહીના લંબાવી આપો તો મારા પાંચસો-છસો ખોખા છૂટા થાય.. આપને પાંચ ટકા લેખે મળી જશે."અગરવાલ અટક્યાં.

મારી આંખો ફાટીની ફાટી રહી ગઈ. ત્રીસ ખોખા થાય. પણ મારો સાહેબ . જવા દોને.અગરવાલ ભેખડે ભરાણો. આજે થોરે ઘસાણો. લોહીલુહાણ થશે.

મારો મંત્રી ચુસ્ત સિધ્ધાંતવાદી. ભૂલમાં રાજકારણમાં પગ મુકાઈ ગયેલો.એના મત વિસ્તાર અમરોલીમાં એનો મીની ગાંધી ગણી બધા પુજા કરે.

ભાનુભાઈ વિરડીયા એટલે મારા મંત્રીએ અગરવાલની દરખાસ્ત પર પાણીઢાળ કર્યું.

"સર આપ ઘર આઈ લક્ષ્મીકો ઠુકરા કે ગલતી કર રહે હૈ. ફાઈલમેં આપકો દસ્તખત તો કરના હી કરના હૈ.ઔર પૈસે ભી નહી મિલેંગા.ફોગટમેં ઔર ના ઈલાજ હોકર કરના પડેંગા" આમ કહી ગુસ્સામાં દરવાજો અફળાવી પગ પછાડતો અગરવાલ ગયો.

અગરવાલે મારા વાલીડાએ શું ચક્કર ચલાવ્યું એ તો રામ જાણે.કલાકમાં મોટા સાહેબની ઓફિસમાંથી મંત્રી પર ફોન આવ્યો.મોટા સાહેબ લાઈન પર આવશે.

"ભાનુભાઈ અભી કે અભી બંગલે પર આ જાવ. ઈટસ એન અરજન્ટ. " મોટા સાહેબે આટલું કહી ફોન ડીસકનેકટ કર્યો.

અમારા સાહેબ મારતા ઘોડે એટલે કે મારતી મોટરે મોટા સાહેબના નિવાસસ્થાને પહોંચ્યા. મંત્રી સાહેબનું સિકયોરીટી ચેકીંગ થયું. એક ઓફિસર સાહેબને દોરીને મોટા સાહેબની ચેમ્બર લગી મુકી ગયો.

મોટા સાહેબને ત્યાં અગરવાલ હાજર.

"આઈએ, ભાનુભાઈ. તશરીફ રખીએ....,.." આટલું કહી મોટા સાહેબ ખુરશીમાં ગોઠવાયા.

મોટા સાહેબ ગામઠી દેખાય. સફેદ દાઢી. ધોતી કુરતામાં સ્કૂલ માસ્તર લાગે. બલિયા વતન .

મોટા સાહેબના પીએસે મંત્રીને ફાઈલ ધરી

"સર ઈસમેં હસ્તાક્ષર કીજીએ."

મંત્રીએ ફાઈલ જોઈ. નરેનદર અગરવાલના હોદાની મુદત વરસ વધારવાની કરવાની દરખાસ્ત મંત્રી તરીકે કરવાની અને મોટા સાહેબની મંજૂરી લેવાની હતી.

મંત્રીએ મોટા સાહેબ તરફ પ્રશ્નાર્થ નજરે જોયું.

મોટા સાહેબે માથું ધુણાવતા હોય તેવી એકશન કરી પછી હતાશ સૂરે બોલ્યા ," ભાનુભાઈ, પીએમ થવામાં કાંઈ કાંદા કાઢવાના નથી. આપણી સરકાર કોકના ટેકાથી જેમતેમ ગાડું ગબડાવીએ છીએ.....,,,, " આટલું બોલી અગરવાલની બહાર જવા ઈશારો કર્યો.

બોડીયા માથા પર હાથ ફેરવતા બોલ્યા કે આ અગરવાલ સાથી પક્ષનું પ્રેશર લાવ્યો છે. લઘુમતી સરકારને ડગલે ને પગલે સમાધાન કરવા પડે છે નહીતર સરકાર ક્યારે ભૂતપૂર્વ થઈ જાય તેની ખબર ન પડે .આ પરિસ્થિતિનો લાભ વેસ્ટેડ ઈન્ટરેસ્ટ ધરાવતી વ્યક્ત લઈ જાય.ભલે અગરવાલ તેનો લાભ લઈ જા. ગુડ લક ભાનુભાઈ!!

અગરવાલે મંત્રી સાહેબને તો ન્યાલ ન કર્યા. યુ વોન્ટ બિલિવ .મને ન્યાલ કરી દીધો. તેની મુદત વધારાના હુકમ પછી એક ખોખું . વેઈટ અ મિનિટ. મોતીચૂરના લાડવાનું એક ખોખું આપીને મારી સાત પેઢી તારી દીધી.!!!

**ભરત વૈષ્ણવ**

**( કથા બીજ શ્રી ભરતભાઈ દવે, ગાંધીનગર . સત્ય ઘટના ફેરફાર સાથે)ઈવાર્તા**

# હવે મહારાષ્ટ્રના ૩૦૦ મંદિરોમાં પણ લાગુ ડ્રેસ કોડ થશે

(એ.આર.એલ),નાગપુર,તા.૨૭

મહારાષ્ટ્રની ઉપ રાજધાની નાગપુરના ૪ મંદિરોમાં ડ્રેસ કોડ લાગુ થઈ ગયો છે. મહારાષ્ટ્ર મંદિર મહાસંઘે જાહેરાત કરી છે કે હવે નાગપુરના ૨૫ મંદિરો અને રાજયભરના ૩૦૦ મંદિરોમાં નવો ડ્રેસ કોડ લાગુ કરવામાં આવશે. મહારાષ્ટ્ર મંદિર મહાસંઘેના આ નિર્ણય મુજબ હવે અભદ્ર, ઉશ્કેરણીજનક અને ટૂંકા વસ્ત્રો પહેરીને મંદિરમાં પ્રવેશવા દેવામાં આવશે નહીં. શરદ પવારની પાર્ટી એનસીપીએ આ નિર્ણયનો વિરોધ કર્યો છે. થોડા દિવસો પહેલા તુળજાભવાની મંદિરમાં ડ્રેસ કોડ લાગુ કરવામાં આવ્યો હતો, પરંતુ વિરોધ બાદ આ નિર્ણય પાછો ખેંચી લેવામાં આવ્યો હતો. હવે મહારાષ્ટ્ર મંદિર મહાસંઘે નિર્ણય લીધો છે કે પહેલા મહિનામાં નાગપુરના ૨૫ મંદિરો અને રાજ્યભરના ૩૦૦થી વધુ મંદિરોમાં આ ડ્રેસ કોડ લાગુ કરવાના પ્રયાસો કરવામાં આવશે. આ પછી ધીમે ધીમે તમામ મંદિરોમાં તેને લાગુ કરવામાં આવશે. હાલમાં, નાગપુરના ૪ મંદિરોના નામ જ્યાં ડ્રેસ કોડ લાગુ છે – ધનતોલી ખાતે ગોપાલ કૃષ્ણ મંદિર, બેલોરી ખાતે સંકટમોચન પંચમુખ હનુમાન મંદિર, કોનહોલીબારા ખાતે બૃહસ્પતિ મંદિર અને હિલટોપ પર દુર્ગામાતા મંદિર. આ મંદિરોના પ્રવેશદ્વાર પર લખવામાં આવ્યું છે – તમામ મહિલાઓ અને પુરૂષોએ શિષ્ટ વસ્ત્રો પહેરીને મંદિરમાં આવવું જોઈએ. ઉશ્કેરણીજનક, અસંસ્કારી, અભદ્ર કપડાં પહેરીને પ્રવેશ કરવો નહીં. ટૂંકા કપડા, હાફ પેન્ટ, બરમુડા, મીની સ્કર્ટ, નાઈટ સૂટ, ફાટેલા જીન્સ વગેરે પહેરીને આવે ત્યારે બહારથી જ દર્શન કરી સહકાર આપે. મહારાષ્ટ્ર મંદિર મહાસંઘ દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે મંદિરની પવિત્રતા જાળવવા માટે મંદિરોમાં ડ્રેસ કોડ લાગુ કરવો જરૂરી છે. અસંસ્કારી, અભદ્ર વસ્ત્રો મંદિરોમાં ચાલશે નહીં અને અંગપ્રદર્શન સહન કરવામાં આવશે નહીં. એટલા માટે આ નિયમ જાહેર કરવામાં આવ્યો છે.

# ઉનાળાની અસલી મજા તો બાળપણમાં હતી



હમણાં વેકેશન ચાલે છે ત્યારે બચપણમાં ભણતા હતા ત્યારનું ઉનાળાનું વેકેશન ખુબ યાદ આવે છે.

વેકેશનમાં સવાર સવારમાં ગિલ્લી દંડા રમવાની બહુ મજા આવતી હતી ભરબપોરે તડકામાં પત્તા રમાતા હતાં સાંજે ક્રિકેટ અને સ્ટોડિયું રમાતુ હતું વચ્ચે બરફ ગોળાવાલા કાકા બરફની ઘંટીવાલી લારી લઈ આવતા હતા રંગીન બરફગોળો ખાવામાં અલૌકિક આનંદ આવતો હતો બરફ ગોળા પર જાતજાતના રંગીન શરબત નાખી ગોળો ચુસવાની એક અલગ મજા અલગ રોમાંચ આવતો હતો.

રાતે જમીને પાછી રમતો ચાલુ ૨૦ /૨૫ જનના ટોળેટોળા ખડકીઓમાં ચારેબાજુ અવાજ અવાજ

પાછું વચમાં ૧૦ દિવસ મામા કાકા ફઈને ત્યાં રહેવા જવાનું મળે એમાં ત્યાં પણ આપણા જેવા ભાઈબંધોની ટોળી હાજર જ હોય

બપોરે મહિલા વર્ગ ઘઉ સાફ કરતા હોય પાપડ સુકવવા મુક્યા હોય સાંજ પડે ખડકીમાં મરચું ખંડાતું હોય તે વખતે એ.સી.કોને કહેવાય એ પણ ખબર નહોતી અને રાતે થાક્યાપાક્યા ઉપર અગાસીમાં ઠંડા પવનની લહેરો વચ્ચે તારાઓને જોઈને એકદમ નવાઈ પામતા પામતા સુઈ જવાનું કે આ સામે આકાશમાં દેખાય છે એ ખરેખર શું છે ?

આ તારાઓ આપણી પર પડતા કેમ નથી ?

આ ચંદામામા આટલું બધું અજવાળું કેવી રીતે આપે છે?

આ બધાના કારણો ગમેં તે હશે પણ એ વખતે કલ્પનાઓ કરવાની બહુ મજા આવતી હતી.કેરીના ઝાડ પર ચડી કેરી ચોરી કરીને તોડી લાવતા હતા પછી બધા દોસ્તો એક જ કેરીમાંથી વારાફરતી બચકા ભરતા હતા કાચી કેરી ખાવાની મજા તો જેમને આવી રીતે ચોરી કરીને કાચી કેરી ખાધી હોય એમને જ ખબર હોય.

બચપણની ખરી મજા ઉનાળા એ જ આપી છે એ પછી કેરીઓ ખાવાની હોય કે રમવાની હોય અત્યારે નોકરી ધંધા પર બેઠા પછી ગરમી કાળઝાળ લાગે છે પણ એ વખતે તો એ ઉનાળો જ સૌથી પ્રિય લાગતો કારણ કે જિંદગીની સૌથી અમૂલ્ય પળો જ એમાં કોતરાયેલી હતી.

આજે જ્યારે મોટા થઈને નોટો ગણ ગણ કરીએ ત્યારે એમ થાય છે કે આ રૂપિયાની થોકડીઓ એ બચપણ પાછું લાવી આપતું હોત

શરીર પર ગમેં એટલા ઘા લાગતા તો રૂઝ આવી જતી હતી પણ એ ઉંમરે દિલ પર ઘા લાગતા જ ના હતા

લુચ્ચાંઈ કોણે કહેવાય એ ખબર જ નહોતી.

માણસોનું બીજું સ્વરૂપ જોયું જ ના હતું

દુનિયા એકદમ નાની પણ એકદમ સુંદર અને ભવ્ય હતી

હવેની પેઢીના નસીબમાં આ નથી.

દફતર લઈને દોડવું

તૂટેલી ચપ્પલ નું જોડવું

નાસ્તાના ડબ્બાઓ

શર્ટ પર સહીંના ધબ્બાઓ

ખોબે ખોબે પીવાતું પાણી

રિસેશની ધમાલ

બેફામ રમાતા પકડદાવ

ઘૂંટણ પર પડતા આછા ઘાવ

બાયોથી લુછાતા ચહેરા

શેરીઓમાં અસંખ્ય ફેરા

ઉત્તરાયણની આખી રાતનું જાગરણ

પકડાયેલા પતંગના ભાગ પાડવા

ભાડાની સાયકલ પર ડબલ સીટ ચલાવી વારંવાર પડવું

મોહલ્લાના ઓટલા પર ડેરા

મંજીની રેલમછેલ

ગિલ્લી દંડાનો એ ખેલ

ચાર ઠીકડી ને આટા પાટા

લાઇટના થાંભલે ગામ ગપાટા

વરસાદમાં ભરપૂર પલરવું

ખુલ્લા પગે રખડવું

બોર આમલી ના ચટાકા

પીઠ પર માસ્ટરના ફટકા

બિન્દાસ ઉજવાતું વેકેશન

નો ટ્યૂશન નો ટેન્શન

ખરેખર આપણે મોટા થઈને આપણે બહુ મોટી ભૂલ કરી છે

અબ્બાસભાઈ કૌકાવાલા

સુરત

## તો જ આવવાની છૂટ છે

ભર બપોરે નોક કર્યા સિવાય આવવાની છૂટ છે.
મોડી રાત્રિએ લોક કર્યા સિવાય આવવાની છૂટ છે.
વહેલી સવારે મોક કર્યા સિવાય આવવાની છૂટ છે
સપનાઓ સાચા પડવાના હોય તા જ આવવાની છૂટ છે.
આંખના ઉલાળા ટ્વીટ કર્યા સિવાય આવવાની છૂટ છે,
રસીલા હોઠની લાલી ડીલીટ કર્યા સિવાય આવવાની છૂટ છે.
ગાલના ખંજન રીટવીટ કર્યા સિવાય આવવાની છૂટ છે,
તમારા સ્નેહમાં કેદ કરવાની તૈયારી હોય તો જ આવવાની છૂટ છે.
પ્રેમી પંખીડાની જેમ પાંખ ફફડાવી આવવાની છૂટ છે,
સ્નેહીજનોની સાક્ષીએ લગ્નના ચાર ફેરા ફરીને આવવાની છૂટ છે,
હિંમતભેર માથે છલકાતી હેલ ભરીને આવવાની છૂટ છે.
કાયમ માટે અમારા થવાની તૈયારી હોય તો જ આવવાની છૂટ છે.

**-ભરત વૈષ્ણવ**

# ઝારખંડમાં વીજળી પડવાથી ૧ ૨ લોકોના મોત નિપજયાં

(એ.આર.એલ),જમશેદપુર,તા.૨૭

છેલ્લા બે દિવસમાં ઝારખંડના વિવિધ વિસ્તારોમાં વીજળી પડવાથી ૧૨ લોકોના મોત થયા છે. ધનબાદ જિલ્લાના બારાવદ્દા વિસ્તારમાં વીજળી પડવાથી એક મહિલા અને તેની પુત્રીનું મોત થયું હતું. તે જ સમયે, જમશેદપુરના બહારગોરા વિસ્તારમાં અને ગુમલા જિલ્લાના ચિરોડીહ વિસ્તારમાં વીજળી પડવાથી બે લોકોના મોત થયા હતા. ઝારખંડ સરકારે મૃતકોના નજીકના સંબંધીઓને ૪-૪ લાખ રૂપિયા વળતરની જાહેરાત કરી છે. ઝારખંડના લોહરદગામાં વીજળી પડવાથી એક વ્યક્તિનું મોત થયું છે. ગુરુવારે પણ અલગ-અલગ ઘટનાઓમાં સાત લોકોના મોત થયા હતા. ચતરા, હજારીબાગ, રાંચી, બોકારો અને ખુંટી જિલ્લામાં એક-એક વ્યક્તિનું મોત થયું છે. બીજી તરફ પલામુના હુસૈનાબાદમાં વીજળી પડવાથી બે લોકોના મોત થયા છે. રાજ્યના એસડીઆરએફ વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે તમામ જિલ્લાઓને વીજળી પડવાથી થયેલા મૃત્યુની ઓળખ કરવા માટે નિર્દેશ આપવામાં આવ્યો છે જેથી કરીને મૃતકોના નજીકના સંબંધીઓને વળતર મળી શકે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOG SS NO:153
વિષય:તરવરાટ.
શીર્ષક:તરવરાટ.
શબ્દો: ૧૧૯
લેખક નું નામ: જિતેન્દ્ર શાહ.

સવારે ઊઠતાં વહેંત મન માં આવ્યો સળવળાટ, દિકરી નાં ત્યાં જવા નો તરવરાટ, દિવસ માં ત્રણ વાર ખબર પૂછે મારી,તમે રહો સાજાં તેનો તેનાં દિલ માં કાયમ તરવરાટ. વેઢાં ઘણી ને ના મપાય કો'ક નાં દિલની લાગણી, તેની આંખો માં કાયમ છલકાય આપણાં માટે નાં પ્રેમ નો તરવરાટ. ફોઈ-બા,બહેન અને દિકરી ને તો હથેળી માં રખાય,તેમનાં જેવો ન દેખ્યો દુનીયાં માં મારાં માટે નો તરવરાટ. એ ત્રણે નું પિયર તે મારું ઘર, ભાણાં-ભાણી લઈ ને આવે મારે ઘેર મારા હુદયાં માં ઊભરાય તરવરાટ. જોખશો નહીં,માપશો નહીં કો'ક નાં દિલ માં આપણાં માટે ઊભો થયેલ તરવરાટ, ઝરણાં ની જેમ સમાવી દેજો, નદી ની જેમ વહેવાં દેજો, સમુંદર ની જેમ ઊછળવાં દેજો તેનાં નીર નો તરવરાટ.

# સપ્તાહ દરમિયાન સોનાના વાયદાના ભાવમાં રૂ.૨૬૩ અને ચાંદીના ભાવમાં રૂ.૧,૯૦૧ની નરમાઈ

## કોટન-ખાંડીના વાયદામાં રૂ.૩,૬૦૦નો સાપ્તાહિક ધોરણે કડાકો: ક્રૂડ તેલ, નેચરલ ગેસ, મેન્થા તેલમાં ઢીલાશ: કોમોડિટી વાયદાઓમાં રૂ.૧,૧૮,૪૩૨ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૨૮૧૫૬૯ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૩૨૪ કરોડનાં કામકાજ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૧૯ થી ૨૫ મે સુધીના સપ્તાહ દરમિયાન ૫૦,૨૮,૯૭૦ સોદાઓમાં કુલ રૂ.૪,૦૦,૩૨૪.૯૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧,૧૮,૪૩૧.૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૨૮૧૫૬૯.૩૧ કરોડનો હતો.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૯,૬૯,૫૪૩ સોદાઓમાં રૂ.૭૧,૭૩૩.૫૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૭૬૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૦,૪૯૦ અને નીચામાં રૂ.૫૯,૩૬૩ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૨૬૩ ઘટી રૂ.૫૯,૪૬૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૬૪ ઘટી રૂ.૪૭,૮૪૭ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૭ ઘટી રૂ.૫,૯૭૮ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૬૫ ઘટી રૂ.૫૯,૪૯૩ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે ૧ કિલોદીઠ રૂ.૭૨,૩૩૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭૩,૬૫૭ અને નીચામાં રૂ.૭૦,૧૫૬ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૯૦૧ ઘટી રૂ.૭૦,૨૪૨ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧,૭૮૦ ઘટી રૂ.૭૦,૩૭૬ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧,૭૭૯ ઘટી રૂ.૭૦,૩૬૭ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે ૧,૩૬,૪૮૬ સોદાઓમાં રૂ.૧૪,૦૮૫.૬૩ કરોડના વેપાર થયા હતા. તાંબુ મે વાયદો રૂ.૭૧૯.૮૦ના ભાવે ખૂલી, રૂ.૨૩.૯૦ ઘટી રૂ.૬૯૪.૬૦ જ્યારે એલ્યુમિનિયમ મે કોન્ટ્રેક્ટ રૂ.૧.૭૫ ઘટી રૂ.૨૦૭.૧૦ તેમ જ સીસું મે કોન્ટ્રેક્ટ રૂ.૧.૧૫ ઘટી રૂ.૧૮૨ના ભાવ થયા હતા. જસત મે કોન્ટ્રેક્ટ રૂ.૧૯.૮૦ ઘટી રૂ.૨૦૩ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૩.૩૫ ઘટી રૂ.૨૦૫.૭૦ સીસુ-મિની મે કોન્ટ્રેક્ટ રૂ.૨ ઘટી રૂ.૧૮૧.૬૫ જસત-મિની મે વાયદો રૂ.૨૦.૬૫ ઘટી રૂ.૨૦૨.૮૫ બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૮,૬૬,૫૪૯ સોદાઓમાં રૂ.૩૨,૪૫૨.૪૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો સપ્તાહના પ્રારંભે ૧ બેરલદીઠ રૂ.૬,૦૨૩ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૧૯૦ અને નીચામાં રૂ.૫,૮૭૩ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૧ ઘટી રૂ.૫,૯૪૬ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.૮ ઘટી રૂ.૫,૯૫૦ બંધ થયો હતો. નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૧૪ના ભાવે ખૂલી, રૂ.૨૧.૮૦ ઘટી રૂ.૧૯૦.૯૦ અને નેચરલ ગેસ-મિની મે વાયદો ૨૧.૮ ઘટી ૧૯૦.૯ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે રૂ.૧૬૦.૨૪ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જૂન વાયદો સપ્તાહના પ્રારંભે ૧ ખાંડીદીઠ રૂ.૬૧,૨૨૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૧,૨૮૦ અને નીચામાં રૂ.૫૭,૦૨૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૩,૬૦૦ ઘટી રૂ.૫૭,૫૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮.૨૦ ઘટી રૂ.૯૪૪.૬૦ બોલાયો હતો. કામકાજની દૃષ્ટિએ સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૩૫,૬૦૦.૩૧ કરોડનાં ૫૯,૩૦૩.૨૭૯ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩૬,૧૩૩.૨૭ કરોડનાં ૫,૦૧૬.૩૧૭ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૧૦,૮૮૩.૯૨ કરોડનાં ૧,૮૦,૪૭,૭૧૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૨૧,૫૬૮.૫૩ કરોડનાં ૧,૦૨,૩૧,૮૫,૭૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧,૪૪૫.૧૪ કરોડનાં ૬૯,૬૩૩ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૪૪૨.૦૮ કરોડનાં ૨૪,૦૭૪ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૭,૬૧૭.૫૨ કરોડનાં ૧,૦૭,૨૨૮ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૪,૫૮૦.૮૯ કરોડનાં ૨,૧૩,૧૭૧ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૧૨૦.૯૫ કરોડનાં ૨૦,૫૯૨ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૩૯.૨૯ કરોડનાં ૪૦૭.૮૮ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર સપ્તાહના અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૯૭૫.૭૩૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૪૯.૨૯૭ ટન, તાંબાના વાયદાઓમાં ૨૦,૫૬૦.૦૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૧૯,૩૮૧ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૧૨૪ ટન તથા જસત અને જસત-મિનીમાં ૩૧,૧૯૨ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૨,૮૫,૫૯૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૪,૪૫,૬૫,૨૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૨૧,૩૬૦ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૨૫૩.૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૩૨૩.૭૦ કરોડનાં ૪૦૦૨ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૭૭૮ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ મે વાયદો ૧૬,૧૩૮ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૩૬૫ અને નીચામાં ૧૬,૦૦૭ બોલાઈ, ૩૫૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૫૦ પોઈન્ટ ઘટી ૧૬,૦૭૭ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૨૮૧૫૬૯.૩૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૮૦૦૨.૩૪ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૩૪૪.૫૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૪૫૨૫૦.૩૫ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૧૯૩૬.૭૪ કરોડનાં કામકાજ થયાં હતાં.

## અરુણાચલ બાદ ઉત્તરાખંડ પર ખંધા ચીનનો ડોળો, એલએસી નજીક નવા ગામડા વસાવવા માંડ્યુ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૭

ભારત સામે કોઈને કોઈ ષડયંત્ર ઘડવામાં વ્યસ્ત રહેતા ચીને હવે અરુણાચલ પ્રદેશ બાદ ભારતના ઉત્તરાખંડ રાજ્ય પર પણ પોતાની નજર બગાડી છે. ઉત્તરાખંડ સરહદ પર પણ ચીન હવે પોતાના ગામડા વસાવવા માંડ્યુ છે. જેને ડિફેન્સ વિલેજ તરીકે ઓળખવામાં આવશે. આ ગામડાઓ પર ચીનની સેના નજર રાખશે. આમ ચીને હવે ઉત્તરાખંડ સરહદ પર પણ ધમપછાડા કરવા માંડ્યા હોય તેમ લાગે છે. આ દરેક ગામડામાં ૨૫૦ ઘર હશે. ભારત અને ચીન વચ્ચેની લાઈન ઓફ એક્ચ્યુલ કંટ્રોલથી માત્ર ૧૧ કિલોમીટર દુર આ ગામડા વસાવવામાં આવશે. આ સિવાય ૩૫ કિલોમીટર દુર પણ બીજા પ્રકારના ગામડા ચીન ઉભા કરી રહ્યુ છે. જેમાં ૫૦ થી ૫૫ ઘર હશે. આ ગામડાઓ પણ ચીનની સેનાના નિયંત્રણમાં હશે. કુલ મળીને પૂર્વ સેક્ટરમાં ચીન ૪૦૦ જેટલા ગામડા વસાવવા માટેની યોજના બનાવી ચુકયુ છે.

## લોકસભા ચૂંટણી માટે દસ બાર દિવ્ય દરબારોનું સનાતની લોકાર્પણ

(ગતાંકથી ચાલું)

ભારતની આર્થિક સતા બે ગુજરાતીના હાથમાં છે, ચાર ગુજરાતીઓ ભારતને પોતાના હાથમાં રાખી ચલાવી રહ્યા છે, ગુજરાતીઓ માટે ગૌરવની વાત છે, ચાર પડની ઘાણી ચાલી રહી છે, ગુજરાતીઓનો દેશ દુનિયામાં જય જયકાર ચાલી રહ્યો છે, જેમાં ધાર્મિક સતા ક્ષેત્રે બીએપીએસ જાતિવાદ મજબૂત કરીને દુનિયાભરમાં કલાત્મક મંદિરો નિર્માણ કરી રહ્યું છે, કરચોરી, હવાલા, કબુતરબાજી, જમીન કૌભાંડોથી સફળતાપૂર્વક મહાકાય નાણાં ભંડોળ મેળવીને સંપ્રદાય ભારતના રાજ્યો અને દુનિયાના ૫૫ દેશોમાં હિન્દુ મંદિરો ઉભા કરી દીધા છે, ભાજપનો પાયો ધર્માંધ મતદારો, અને ગુનાખોરો રાજકારણીઓ છે મતદારોના મત માટે ધાર્મિક બાબાઓ આને સરમુખત્યારશાહી ચલાવવા ગુનાખોર માફીયા નેતાઓ અચુક ચૂંટણી જીતી લે છે , સામે દામ દંડ ભેદથી હત્યારાઓ, બળાત્કારીઓ, જમીન કૌભાડીઓ, ખનીજ માફીયાઓ કોઈપણ સમયે બે નંબરના કરોડો રૂપિયા ખર્ચીને જંગી બહુમતીથી ચૂંટાઈ આવે છે, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, આર.એસ.એસ., દુર્ગાવાહીની, બીએપીએસ જેવા હિન્દુ સંગઠનોને હિન્દુ પરીવારોની જીવનજરૂરિયાતની સમસ્યાઓ નિવારણ કરવામાં રસ નથી, ભાજપનો ચુલો ચાલતો રહે અને બધાના રોટલા શેકાતા રહે એજ હિન્દુત્વ છે, હિન્દુ નેતાઓની દિકરીઓ મુસ્લિમોને પરણાવીને વાંઢા રહી જતા બેરોજગાર હિન્દુઓને ધર્મના નામે દોડાવ્યા કરવા સિવાય હિન્દુ સંગઠનોને બીજો ધ્યેય નથી, જાતિવાદના ખદબદતા ગુજરાતમાં હિન્દુ સંગઠનોએ ભાગલાવાદી માનસિકતા ટકાવી રાખી છે, હિન્દુ સંગઠનો ચલાવનારા બેસવર્ણ જાતીના લોકો છે અને પાછળ દોડી દોડીને પડતા પીસાતા બધા પછાત જાતિઓના લોકો છે, સનાતન ધર્મની માનવતા અને ભાઈચારાનો કોઈ કાર્યક્રમ વીએચપી, આરએસએસ, બીએપીએસ, બજરંગ દળ દ્વારા કરવામાં આવ્યો નથી, ભાજપ તરફી મતદાન થાય એ પ્રકારના ચુંટણી લક્ષી કાર્યક્રમો ચલાવવા સિવાય બીજો કોઈ વિષય હિન્દુ સંગઠનો પાસે નથી, રોડ શો, દરબાર ભરવા, રેલીઓ કાઢવાની પ્રવૃતિઓ સનાતન ધર્મમાં નથી, સનાતની સ્વયં સુરક્ષિત છે, સનાતન ધર્મ અખંડ સુખ સુરક્ષા છે એટલે સનાતની ને અંગરક્ષકો રાખવાની જરૂર પડે તો એ સનાતનીમાં કોઈક તો ક્ષતિ હોય છે, ભારતની જનતા આદિ આનાદિથી ધર્મમાં આસ્થા ધરાવે છે જેના પરીણામે મોટાભાગે પાપીઓ અને અત્યાચારીઓ સતાઓ ભોગવતા રહ્યા છે, કંસ, જયદ્રથ, જરાસંઘ, જેવા સત્તાધીશોનો ઈતિહાસ છે, લોકસભા ૨૦૨૪ની ચુંટણીમાં ભાજપને સ્વતંત્ર રીતે ૪૦૦ બેઠકો જીતવાનો લક્ષ છે ભારતમાં ૭૫ થી ૮૦ ટકા હિન્દુઓ છે ઉદ્યોગપતિઓને દેશની મોટાભાગની સંપત્તિઓ, કંપનીઓ મફત આપીને ભાજપે અબજો રૂપિયા ફંડ મેળવે છે, આર્થિક સતા વધારવા અને ટકાવવા ઉદ્યોગપતિઓ હિન્દુ સંગઠનો કરોડોનું ફંડ દાન કરે છે, માફીયા નેતાઓ , હત્યારા બળાત્કારીઓ ખનીજચોરી અને જમીન કૌભાંડમાં, ભ્રષ્ટાચારથી કરોડો રૂપિયા મેળવે છે આમ રાજકીય, આર્થિક, ધાર્મિક સતાના મજબુત જોડાણ થયેલા છે, ચૂંટણી સમયે જે બાબા , સ્વામી જનમેદની એકઠી કરવામાં આગળ હોય તેને મીડિયા મારફતે દેશભરમાં પ્રચાર કરાવીને સ્ટાર પ્રચારક બનાવી દેવાય છે, બાબા ના દિવ્ય દરબારો ભરવાના દસ દિવસના પ્રવાસમાં હાજર રહેનારા ધર્મલીન પાગલોની સંખ્યા, જનમેદનીની ભીડના આધારે રાજકીય ગણિત ગણવામાં આવશે, જનતાને મતદાનનું મુલ્ય સમજાતું નથી, કેટલા કર ભરે છે તેનું ગણિત સમજાતું નથી, જનતા... ધર્મની વાત સમયે પાગલ બની જાય છે ... ચૂંટણી મતદાનના સમયે પાગલ બની જાય છે, જાતિવાદી બની જાય છે.... ચૂંટણી પછી જનતા રડે છે, આંદોલન કરે છે, આત્મહત્યા કરે છે, ધરણાં કરે છે.... રેલીઓ કાઢે છે.... પાગલ છો કે શું .. પાગલો....પાગલો... લટકે રહો.... ગુજરાતમાં મહેસુલ વિભાગ, શહેરી વિકાસ વિભાગ, શિક્ષણ વિભાગ, ઉર્જા વિભાગ, માર્ગ મકાન વિભાગ, ખાણ ખનીજ વિભાગ સંપુર્ણપણે ભ્રષ્ટાચાર અને કૌભાંડોમાં ડૂબીને મરણીયા શ્વાસ લે છે, જેના કારણે ગુજરાતની જનતા ઘાંચી ની ઘાણીએ પીલાતી હોય તેમ જનતાનું તેલ નીકળી રહ્યું છે.. બાબાઓ અને સ્વામીઓ જનતાના નીકળતા તેલમાંથી દિવડા કરીને ધર્મના દરબારો ચલાવે છે. પણ જનતાના અધિકારો માટે , જનતાને ન્યાય આપવા માટે, શોષણ બંધ કરવા માટે... કોઈ બાબા એક શબ્દ બોલી શકતા નથી, પીડીતોને ન્યાય આપવા કોઈ દિવ્ય દરબાર ભરી શકતા નથી, છેલ્લે .. જાતીવાદી બાબાઓ અને સ્વામીઓને પણ સંચિત કર્મોના ફળ ભોગવવા પડશે, આશારામ જેલમાં છે, ભૈયુજીએ આત્મહત્યા કરી હતી, વપરાય ગયેલા બાબાઓ અને સ્વામીઓને પણ લૂંટાય એટલું લુટાવીને ફગાવી દેવાયા છે(લોક મંતવ્ય છે.કોઈ એ બંધ બેસતી પાઘડી પહેરવી નહિ.અને છતાં પહેરો અને અપચો થાય તો તંત્રી સાથે વાત કરી લેવી...બાકી સુરત મા તો બાબા નો વિરોધ પ્રજા એ જોયો છે...

## આજે દેશને મળશે નવી સંસદ : ગૌરવપૂર્ણ સમારોહની તૈયારી પુરી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૭

આવતીકાલે દેશની નવી સંસદમાં ઉદઘાટન થવા જઈ રહ્યું છે પાટનગરમાં સેન્ટ્રલ વિસ્ટાના ભાગરૂપે દેશની નવી સંસદની અત્યંત આધુનિક તેમજ ભારતીય સંસ્કૃતિ અને દેશના ભવ્ય ભુતકાળની ઝાંખી કરાવતી આ સંસદ ભવનને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે પુજા અર્ચના અને બંધારણીય દ્રષ્ટિએ મહત્વના અને દેશની સ્વતંત્રતાના પ્રતીક સેંગલની પુનઃ સ્થાપના સાથે આ કાર્યક્રમ યોજાશે. જેમાં ઉપરાષ્ટ્રપતિ જયદીપ ધનખડ ઉપરાંત બંને લોકસભાના અધ્યક્ષ તેમજ ૨૫ જેટલા વિપક્ષો પણ સામેલ થશે અને વડાપ્રધાન આ સમયે દેશને સંબોધીત કરશે. જયારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનો સંદેશ વાંચી સંભળાવશે. બીજી તરફ તે સમયે વિપક્ષો દ્વારા તે સમારોહનો બહિષ્કાર કરવાની જાહેરાતને ૨૭૦થી વધુ પૂર્વ સનદી અધિકારીઓ, ન્યાયમૂર્તિઓ તથા પૂર્વ રાજદૂતોએ આ કાર્યક્રમમાં સામેલ થવા વિપક્ષોને અનુરોધ કરતા જણાવ્યું કે તેમનો બહિષ્કાર એક બિનલોકતંત્ર પરંપરા સર્જી જશે. ૮૮ પૂર્વ આઈએએસ અધિકારીઓ ૧૦૦થી વધુ પ્રતિષ્ઠીત નાગરિકો, ૮૨ અકાદમી ક્ષેત્રના અગ્રણીઓ એક સંયુકત પત્રમાં વિપક્ષોના નિર્ણયની ટીકા કરી છે અને તેઓએ જણાવ્યું છે કે લોકશાહીનો આ પ્રસંગ આ માટે ગર્વભેર બની રહેવો જોઈએ

તે સમયે વિપક્ષોનું આ વલણ સ્વીકાર્ય નથી. કોંગ્રેસ સહિતના વિપક્ષોએ ૨૦૨૦, ૨૦૨૧ અને ૨૦૨૨માં પણ અનેક સદનની કાર્યવાહીનો બહિષ્કાર કર્યો છે અને આ પ્રકારના પ્રસંગમાં રાજનીતિ વચ્ચે આવી જોઈએ નહીં જો કે વિપક્ષોએ હજુ પણ પોતાના વલણને વળગી રહેવાની જાહેરાત કરતા જણાવ્યું કે અમે રાષ્ટ્રપતિના અધિકારનું જતન કરવા માંગીએ છીએ અને કદાચ અને તેથી જ અમોએ આ બહિષ્કારનો નિર્ણય લીધો છે. બીજી તરફ આવતીકાલના ભવ્ય સમારોહની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે અને તેમાં અનેક ગણમાન્ય નાગરિકો ઉપસ્થિત રહેશે

# ખૂબ સુંદર લેખ. તેમા તેમની આ વાત

'શું આ માત્ર અમેરિકાના ગુજરાતી વિધુરની જ વાત છે? શું દરેક સંતાન એમના બાપને હડધૂત કરે છે? આ પરિસ્થિતિમાં ક્યાં, કોનો અને કેટલો વાંક કાઢી શકાય એમ છે? આ કોઈ શારીરિક કે આર્થિક રીતે રીતે નિઃસહાય વિધુર-વિધવાની વાત નથી. આધેડવયની સીમા પર પહોંચેલ દરેક વ્યક્તિએ પોતાના ભાવીજીવનનો ચિતાર અત્યારે જ કલ્પીને માનસિક તૈયારી રાખવાની જરૂર છે.' ના વિચાર વમળે અમે અમેરીકા આવ્યા બાદ ઘણા સ્નેહીઓને વિધવા- વિધુર બનતા જોયા છે.કેટલા સ્નેહીઓ તો વિધુર બન્યા બાદ થોડા સમયમા ગુજરી ગયા છે! વિધુર વેદના એ યાદ આવે

કવિ કાંતની રચના વિધુર કુરંગ'

શશી નીરખતો, અને ગગન મધ્ય ઊંડી કરી;
સુદૂર દગથી, કુટુંબરત તારલાઓ ફરી;
સુધા વરસતી બધે, નહિ જ ભગ્ન હૈયાં પરે,
ફરે, તરફડે, ઠરે નહિ જ, દેહ શાથી ધરે!
પ્રિયા પ્રિયતમા ગતા! જગત સર્વ ઝાંખું થયું,
ગયું સુખ, ગયું બધું, ન પણ જીવવાનું ગયું;
તજી ગઈ વિલાસિની નિજ કુરંગને, શાવને,
સૂતો મૃદુલ બાલ તાતચરણે, ન માતા કને!
હતી કઠિન ભૂમિ શૃંગખનને સુંવાળી જરા,
ગ્રહેલ રસનાગ્રથી શયન પાસના કાંકરા;
દીસે રજકણો શમ્યા સ્ખલિત બાષ્પથી પાસમાં,
કરે તદપિ શૈત્યનું હરણ ઉષ્ણ નઃશ્વાસમાં!
નહીં હૃદયની ભણી હૃદય એક હાવાં વળે;
નહીં નયનનને ફરી નયન તે પ્રિયાનાં મળે;
કુરંગ હતભાગ્યને ભવ અરણ્ય યાત્રા રહી,
કર્યા કરવી એકલાં, વિવશ જીર્ણ અંગો વહી!

'વિધુર કુરંગ'.વિધુર એટલે જેની પત્ની મૃત્યુ પામી છે તેવો પુરુષ. અને કુરંગ એટલે હરણ. અહીં વિધુર પુરુષની નહીં પણ જેની હરણી મૃત્યુ પામી છે તેવાં હરણનાં સંતાપની વાત છે. પ્રાણીઓમાં પણ માણસની જેમ જ જીવ રહેલો છે, તેઓ પણ વેદના અનુભવી શકે છે. કોઈ સ્વજનના મૃત્યુનો સંતાપ જેમ આપણે મનુષ્યોને થાય છે. તેવી જ વેદના એક અબોલ પશુ પણ અનુભવી શકે છે તે આપણે બધાં જ જાણીએ છીએ. પરંતુ, એ વેદનાને વાચા આપવાનું કામ તો 'કાન્ત' જેવાં સહદયી કવિઓ જ કરી શકે!

પ્રસ્તુત કાવ્યમાં હરણી પોતાનાં નાનાં બચ્ચાંને મૂકીને મૃત્યુ પામી છે. ને હરણનું નાનકડું બચ્ચું પોતાની માતાની બદલે પિતાનાં પગ પાસે સૂતું છે. હરણનું ધ્યાન તેનાં તરફ તો છે જ પરંતુ તેનું બહાવરું મન પોતાની પ્રિયાને શોધે છે. પોતાની સુંદર આંખોથી હરણ ગગનનાં ગોખેથી ચાંદની વરસાવતાં ચંદ્રને તથા તારાઓને નિહાળે છે. કવિએ તારલાઓ માટે એક સુંદર વિશેષણ અહીં પ્રયોજ્યું છે : કુટુંબરત. આકાશમાં એકબીજાની પાસે પાસે ઊગેલાં તારલાઓને જોઈને કવિ, તારાઓ કુટુંબનાં સભ્યો સાથે રમમાણ છે તેવી કલ્પના કરે છે! ચંદ્રની ચાંદની સંસારમાં બધે જ વરસી રહી છે માત્ર હરણનું તૂટેલું હૃદય ચાંદનીનો અનુભવ નથી કરી શકતું. હરણ પોતાની પ્રિય વિના તરફડે છે, તેનાં વિરહની આગમાં એટલું પ્રજ્વળે છે કે ચાંદની પણ તેનાં મનમાં ધધકી રહેલી, વણદીઠી આગને બુઝાવી શકવા સમર્થ નથી! હરણ એટલી તીવ્રતાથી વિરહની આગમાં શેકાઈ રહ્યું છે કે તે વિચારે છે કે મારો દેહ શાને હજુ ટકી રહ્યો છે? શાને હું જીવી રહ્યું છું? હું પણ મારી પ્રિયાની જેમ શાને મૃત્યુને શરણ નથી થઈ જતું? મારી પ્રિયા, મારી પ્રિયતમા ચાલી ગઈ. મારી દુનિયા ઉજ્જડ થઈ ગઈ. જગત આખું ઝાંખું થઈ ગયું. હરણને લાગે છે કે મારું સુખ છીનવાઈ ગયું, મારું સર્વસ્વ ચાલી ગયું, પણ એક આ મારું જીવન શા માટે ન ગયું? એક એ જ રહી ગયું. બાકી બધું જ ચાલ્યું ગયું. હરણનાં દુઃખ અને અફસોસનો પાર નથી.

કાવ્યનાં ત્રીજાં ચરણમાં કવિએ સંસ્કૃત શબ્દનો ખુબ જ સુંદર પ્રયોગ કર્યો છે : શૃંગખનને. મતલબ કે શિંગડાં વડે ખોદેલું. કઠણ ભૂમિને શિંગડાં વડે ખોદીને હરણ પોતાની વ્યથા વ્યક્ત કરી રહ્યું છે. તો વળી રસનાગ્ર મતલબ કે જીભનાં અગ્ર ભાગથી પોતે અને બચ્ચું જ્યાં સૂતાં હતાં ત્યાનાં કાંકરા તે અભાનપણે હટાવવા લાગ્યું. આપણામાંથી ઘણાંને નિરાશા વખતે જેમ નખ કરડી ખાવાની ટેવ હોય તેવું જ અહીં હરણ કરી રહ્યું છે. બાષ્પ એટલે કે વરાળથી ઠંડા પડેલાં રજકણો પણ હરણનાં ઉષ્ણ નિશ્વાસથી ફરી ઉષ્ણ થઈ જાય છે! કેટલું બારીક નિરીક્ષણ! અને તેવું જ સુંદર વર્ણન પણ!

વ્યથાની ચરમસીમા અનુભવી રહેલું હરણ જાણે પણ છે કે પોતાનું હૃદય હવે બીજું કશું જ નહીં વિચારી શકે કે નહીં પોતાની પ્રિયા સાથે ફરી ક્યારેય નયન મિલાવી શકે. અરણ્ય યાત્રા જેવો આ ભવ, આ જિંદગી હવે પોતાને એકલાંને જ વેંઢારવી પડશે. વિવશ, પરવશ અને લાચાર એવાં મારાં તન અને મનને આ વ્યથા સહન કરવી જ પડશે. મને મારી પ્રિયા હવે ફરી ક્યારેય નહીં મળી શકે, કારણ કે ? મારી પ્રિયતમા ચાલી ગઈ અને સાથે મારું સર્વસ્વ પણ લેતી ગઈ! અહીં કવિએ સંસ્કૃત વાક્યનો પ્રયોગ કરીને પોતાનું ગુજરાતી સાથે સાથે સંસ્કૃત ભાષાનું જ્ઞાન પણ પ્રદર્શિત કર્યું છે. આમ, હરણનાં અફસોસનો કોઈ પાર નથી રહ્યો. નથી તે આ કુદરતી રીતે ઊભી થયેલી વિકટ પરિસ્થિતિ નથી સ્વીકારી શકતું કે નથી નકારી શકતું! અહીં, કવિએ હરણનું મનોમંથન આબેહૂબ ચીતર્યું છે. તેનાં મનોજગતમાં સ્પંદિત થઈ રહેલી વેદનાની તીવ્રતાને ઉપસાવવામાં કવિ સફળ રહ્યાં છે. અને આ વિધુર વેદના

દિશા કઈ ભવિષ્યની ન કંઈ ભૂત તે સૂચવે,
પડી વિકટ વર્તમાન કુહરે રહેવું હવે;
પડી ઊચરવું, રડી ઊચરવું, ઠર્યું સર્વદા :
પ્રિયા! હૃદયદેવતા! પ્રિયતમા! સખી નર્મદા!
કદી સ્મરણ આવતાં રુધિરનીર નેત્રે ઝરે,
દયા સ્વજનને થતાં વદન પાસ પાણી ધરે,
નહીં સ્વજન તેઃ સખી સ્વજન એકથી તું હતી,
સહસ્રશત શલ્યમાં હૃદયની પથારી થતી!

શું આ માત્ર અમેરિકાના ગુજરાતી વિધુરની જ વાત છે? શું દરેક સંતાન એમના બાપને હડધૂત કરે છે? આ પરિસ્થિતિમાં ક્યાં, કોનો અને કેટલો વાંક કાઢી શકાય એમ છે? આ કોઈ શારીરિક કે આર્થિક રીતે રીતે નિઃસહાય વિધુરની વાત નથી. આધેડવયની સીમા પર પહોંચેલ દરેક વ્યક્તિએ પોતાના ભાવીજીવનનો ચિતાર અત્યારે જ કલ્પીને માનસિક તૈયારી રાખવાની જરૂર છે.આવા લખાણ માનવીય સંવેદના કોને કહેવાય એનો પરિચય કરાવે છે.

પરિપક્વ સંબંધોમાં એકબીજા પર નિર્ભર નહીં પણ એકબીજાને આત્મનિર્ભર બનાવવા તરફનો ઝોક વધુ હોય છે. એકબીજાનો સાથ-સંગાથ ગમવો એ જુદી વાત છે અને એકબીજા માટે વ્યસન બની જવું એ જુદી વાત છે. જો સંબંધોમાં પૂરતી મોકળાશ ન હોય તો સંબંધો પણ વ્યસન બની જતા હોય છે. એવા વ્યસન જેને આપણે ધિક્કારીએ છીએ પણ છોડી શકતા નથી. સંબંધોમાં જયારે આપણે મુક્તતા નથી અનુભવતા કે એકબીજાના પગમાં બેડી બની જઈએ છીએ ત્યારે એનો ભાર લાગવા માંડે છે. એક સામાજિક વ્યવસ્થા અને સગવડતા માટે બંનેના કાર્યક્ષેત્ર જુદા હોય અને બંને પોતપોતાની જવાબદારી સારી રીતે નિભાવતા હોય એ નિશ્ચિતપણે પ્રશંસનીય બાબત છે પણ એકબીજા વિના લૂલા-લંગડા કે અપંગ થઈ ગયા હોવાનો ભાવ આવતો હોય તો એને પ્રેમ તો ન જ કહી શકાય.વિધુરને વારંવાર યાદ આવતી

હૈયાસૂની હબકી જતી રે! એને રાખજો રાજી,
મેં તો ત્યજી હવે હાથથી રે! હતી જાળવી ઝાઝીપ.

પતિને વિધુર બનતાં શીખવવું જરૂરી છે.

અમારા પ્રિય કવિ ગુલઝારની એક બહુ જ હૃદયસ્પર્શી કવિતા છેઃ

બુઢિયા, તેરે સાથ મૈંને, જીને કી હર શૈ બાંટી હૈ!
દાનાપાની, કપડાલત્તા, નીંદે ઔર જગરાતે સારે,
ઔલાદોં કે જનને સે બસને તક, ઔર બિછડને તક!
ઉમ્ર કા હર હિસ્સા બાંટા હૈપ
તેરે સાથ જુદાઈ બાંટી, રૂઠ, સુલહ, તન્હાઈ ભી,
સારી કારસ્તાનિયાં બાંટી, ઝૂઠ ભી ઔર સચ્ચાઈ ભી,
મેરે દર્દ સહે હૈ તૂને,
તેરી સારી પીડે મેરે પોરોં સે ગુઝરી હૈ,
સાથ જિયે હૈંપ
સાથ મરેં યે કૈસે મુમકિન હો સકતા હૈ?
દોનોં મેં સે એક કો ઇક દિન,
દૂજે કો શમ્શાન પે છોડ કે
તન્હા વાપસ લૌટના હોગા!!

આપણને ગમે કે ન ગમે, આપણે એના માટે તૈયાર હોઈએ કે ન હોઈએ, સંબંધો પ્રેમભર્યા હોય કે કંકાસથી છલોછલ પણ હકીકત તો એ જ છે કે બહુ થોડા અપવાદો બાદ કરતાં પતિ-પત્નીનું એકસાથે મૃત્યુ થયું હોય એવું ભાગ્યે જ બને છે. કવિ ગુલઝારે લખ્યું છે એમ જિંદગીના દરેક તબક્કે સાથ નિભાવ્યો હોય પણ બેમાંથી એક જણે બીજાને સ્મશાનમાં ચિતા પર ચડાવીને ઘરે એકલા પાછા ફરવાનું હોય છે. આ એકલતા ભયાનક હોય છે એ ખરું પણ દરકે પરિણીત વ્યક્તિએ પોતાનો જીવનસાથી ગુમાવવાની એ કારમી પીડાનો ક્યારેક તો સામનો કરવો જ પડતો હોય છે.

સંવેદનાના સ્તર પર બંનેએ, પછી તે પતિ હોય કે પત્ની, જીવનસાથીની ગેરહાજરીમાં જીવવા માટે આગોતરી તૈયારી કરવાની હોય જ છે, પણ બાહ્યજગતમાંય આ તૈયારી કરવી પડતી હોય છે.

પતિનું મૃત્યુ થાય તો પત્નીને આર્થિક તકલીફોનો સામનો કરવો પડે કે પછી દુનિયાદારીનું વ્યવહારુ જ્ઞાન ન હોવાને કારણે મુશ્કેલી અનુભવવી પડતી હોય એવા અનેક કિસ્સાઓ છે, પરંતુ પત્ની મૃત્યુ ન પામી હોય પણ બે-ચાર દિવસ બહારગામ ગઈ હોય કે બીમારીમાં પટકાઈ હોય તોય રઘવાયા થઈ જતા અને મા વિનાના બાળક જેવા પતિઓને અમે જોયા છે, કારણ કે આ પતિદેવોને પત્નીની ગેરહાજરીમાં એક કપ ચાના કે બે ટાઈમ ભોજનના ય સાંસા પડે છે. એ માટે કાં તો તેમણે હોટેલનો કે પછી કોઈ સગાં-સંબંધીઓનો આશરો લેવો પડે છે. તો કેટલાક મરણપથારીએ કણસતા હોય

ખુબ દુખી છું . જીવવાનું મુશ્કેલ થઇ ગયું છે . આખાય ઘર માં હવે હું વધારે નો થઇ ગયો છું. જિંદગી દોજખ બની ગઈ છે . હવે મારું કોઈ નથી .હું સાવ એકલો છું હું ખરે જ હવે આ ઘર અને જગત માટે વધારે નો થઇ ગયો છું.એક વિધુર ની વેદના ને આ લોકો જાણી શક્યા હોત , સંવેદના ને આ લોકો સમજી શક્યા હોત, મારી લાગણીઓ ને ઊર્મિ ઓ ને આ લોકો એ અકાળે મારી નાખી ના હોત , ૫ દવા અને ડોક્ટર ને બદલે મારી સાથે આ લોકો સ્નેહ થી વર્ત્યા હોત તો હવે તો પત્ની બોલાવે છે બોલતા પત્નીને મળવા...ંnline image થોડી અંગત વાત.. આ અમારા હુરટના મુ. પ્રવિણભાઈ મારા કરતા ૧૦ દીવસ મોટા છેં.

મારો જન્મ સુરત જનરલ હૉસ્પીટલમાં થયો અને તેઓ સામેના ફળિયામા રહેતા ...

આ વાતનો સાર તેમના શબ્દોમાં કહીએ તો; ''વિધુર કે વિધવા..કોઈએ પણ પુનઃલગ્ન કોઈ સમજદાર અને પોતાને માટે યોગ્ય હોય તેવી જ વ્યક્તિ સાથે લગ્ન કરી લેવા જ જોઈએ...

**પ્રવિણા કડકિયા.હ્યુસ્ટન**

# જનસંપર્ક અભિયાન અંતર્ગત ગાંધીનગર શહેર અને જિલ્લા ભાજપાની મીડિયા સંકલન બેઠક યોજાઈ



ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવી છે કે, ગુજરાતની ધરતીના પનોતા પુત્ર દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની વિકાસ અને રાષ્ટ્રવાદના સિદ્ધાંતને વરેલી અને જનસેવામાં અવિરત કાર્યરત કેન્દ્ર સરકારના ૯ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ભાજપાના કેન્દ્રીય નેતૃત્વની કાર્યસૂચિ મુજબ અને ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર પાટીલના માર્ગદર્શન હેઠળ સમગ્ર ગુજરાતમાં ૩૦ મે થી ૩૦ જૂન દરમિયાન ભાજપા દ્વારા વિશેષ જનસંપર્ક અભિયાન ચલાવાશે જેમાં વિવિધ કાર્યકમો દ્વારા નાગરિકોનો સંપર્ક કરવામાં આવશે. જે અંતર્ગત શહેર ભાજપા કાર્યાલય શ્રી કમલમ સે.૨૧, ગાંધીનગર મહાનગર અને જિલ્લા ભાજપા મીડિયા વિભાગની સંકલન બેઠક યોજાઈ હતી જેમાં પ્રિન્ટ અને ઈલે. મીડિયાના માધ્યમથી કેન્દ્ર અને રાજયની ભાજપા સરકારોની વિકાસલક્ષી કામગીરી અને જનસંપર્ક અભિયાનના વિવિધ કાર્યક્રમોની માહિતી અસરકારક રીતે જનતા સુધી પહોંચાડવા અંગે ભાર મૂકવામાં આવ્યો હતો. આ બેઠકમાં શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, જિલ્લા ભાજપા પ્રમુખ અનિલભાઈ પટેલ, મહાનગરના મહામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, અભિયાનનાં ગાંધીનગર મહાનગર અને જિલ્લાના મીડિયા પ્રભારી અંજલિબેન કૌશિક, પૂર્વ શહેર પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ (દાસ), ઉપાધ્યક્ષ નિલેશભાઈ પટેલ, શહેર મીડિયા સંયોજક કલ્પ પટેલ, સહ સંયોજક દેવેનભાઈ પંડ્યા, ડો. હરીશ રાવલ, અભિયાનની મહાનગર ટીમના સભ્ય ઉમેશભાઈ જહા, જિલ્લા અને મહાનગરના મંડલના મીડિયા પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલા શહેરમાં પર્યાવરણ બચાવવા સાઈકલ રેલી યોજાઈ




સરકારશ્રી તરફથી ચાલતા મીશન લાઈફ અંતર્ગત એક્શન પ્લાન ફોર ઈવેન્ટસ ટુ બી હેલ્ડ બીફોર ૫ જુન અન્વયે રોજીંદા જીવનમાં નજીવા ફેરફારોને ઓળખવા તથા આપણા પર્યાવરણને અનુકૂળ થઈ એને બચાવવા જાહેર જનતાને સંદેશ આપવા માટે સાવરકુંડલા નોર્મલ રેન્જ ગીર પુર્વ વન વિભાગ - ધારી તથા સહયોગી સંસ્થા વન પ્રકૃતિ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સાવરકુંડલા શહેરના જાહેર રસ્તાઓ પર પર્યાવરણ બચાવવાના જાહેર સુત્રોચ્ચાર સાથે વિશાળ સાઈકલ રેલી યોજવામાં આવી હતી. આ રેલીમાં નોર્મલ રેન્જના આર.એફ.ઓ પી. એન. ચાંદુ સાહેબ, વન પ્રકૃતિ ચેરિટેબલ ટ્રસ્ટના મિત્રો, નોર્મલ રેન્જ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ સ્ટાફ તથા પર્યાવરણપ્રેમી ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતાં આ રેલીનું પ્રસ્થાન અમરેલી જીલ્લાના સાંસદ નારણભાઈ કાછડીયા તથા સાવરકુંડલા તાલુકાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તથા નિવૃત ડી.સી.એફ મુનિસાહેબના હસ્તે કાર્યક્રમનું દીપ પ્રાગટય કરી લીલી જંડી આપી રેલીનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. એમ આર.એફ.ઓ પી.એન.ચાંદુની યાદીમાં જણાવ્યું છે.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા મોડાસા નગરમાં યોગ શિબિર તથા યોગયાત્રા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું




કરો યોગ ..... રહો નિરોગ .... સૂત્ર અંતર્ગત તા ૨૦-૦૫-૨૦૨૩ ને શનિવાર સમય : સવારે ૦૬:૦૦ કલાકથી શ્રી કે.એન.શાહ હાઈસ્કૂલ મેદાન , મોડાસા , અરવલ્લી. ના મેદાન ઉપર અરવલ્લી જિલ્લાની જનતાને યુગ કરવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. જેના અનુસંધાને આજરોજ સવારે હાઈસ્કૂલના મેદાનમાં નગરના તમામ ભાઈ બહેનો યુવાનો વડીલો ઉપસ્થિત રહી નીરોગી બનવા માટે યોગ કર્યા હતા. યોગ ટ્રેનર દ્વારા ખૂબ જ સુંદર રીતે યોગ કરાવવામાં આવ્યા હતા ઉપસ્થિત તમામ જનતાએ યોગને કાયમ પોતાના જીવનમાં સ્થાન આપવા માટે કટિબદ્ધ બન્યા હતા.

ગુજરાત સરકાર રચિત ગુજરાત રાજય યોગ બોર્ડના માધ્યમથી યોગની પ્રવૃતિઓને વેગ આપી સમગ્ર રાજયમાં જન જન સુધી યોગનો પ્રચાર પ્રસાર થાય અને લોકોમાં યોગ અંગેનો માહોલ ઉભો થાય અને યોગ થકી લોકોના માનસિક સ્વાસ્થ્ય અને શારિરિક સ્વાસ્થ્ય સુધારો કરવાનો હેતુ છે.

યોગ બોર્ડનો હેતુ રાજ્યના દરેક નાગરીકને સ્વસ્થ જીવનશૈલી અને નિરોગી જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરવા તથા લોકોમાં યોગ પ્રત્યે જાગરૂકતા થાય તે માટેનો છે.

યોગને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે ગુજરાત રાજય યોગ બોર્ડ સતત કાર્યશીલ રહે છે. જે થકી ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા સમગ્ર ગુજરાતના તમામ જિલ્લામાં યોગ કોચ નિમવા, તેમજ યોગ કોચને તાલીમ આપી તાલીમબધ્ધ યોગ કોચ બનાવવા. અને દરેક યોગ કોચ હેઠળ ૧૦૦ જેટલાં યોગ ટ્રેનરો તૈયાર કરવા.આ યોગ ટ્રેનરો દ્વારા યોગ વર્ગો તેમના વિસ્તારમાં યોગ બોર્ડ અંતર્ગત શરૂ કરાવવાની કામગીરી સદરહું બોર્ડ દ્વારા કરવામાં આવે છે.

**(મોડાસા અહેવાલ)**

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા દેશના પ્રથમ વડાપ્રધાન સ્વ. જવાહરલાલ નહેરુજીની પુણ્યતિથી નિમિત્તે પુષ્પાંજલી કાર્યક્રમ



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા દેશના પ્રથમ વડાપ્રધાન સ્વ. જવાહરલાલ નહેરુજીની પુણ્યતિથી નિમિત્તે ચાચા નહેરુની પ્રતિમા, બાલવાટીકા, કાંકરીયા, અમદાવાદ ખાતે પુષ્પાંજલી કાર્યક્રમમાં રાષ્ટ્રીય સેવાદળના અધ્યક્ષશ્રી લાલજીભાઈ દેસાઈ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, શ્રી વિજય દવે, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના વિપક્ષ નેતાશ્રી શહેઝાદખાન પઠાણ, પ્રદેશ એસ.સી. સેલના ચેરમેનશ્રી હિતેન્દ્ર પીઠડીયા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સેવાદળના કાર્યકારી અધ્યક્ષશ્રી કિરણ પ્રજાપતિ તથા મોટી સંખ્યામાં વિવિધ સેલ ડીપાર્ટમેન્ટના હોદ્દેદારો અને શહેર કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં. રાજીવ ગાંધી ભવન અમદાવાદ ખાતે દેશના પ્રથમ વડાપ્રધાન સ્વ. જવાહરલાલ નહેરુજીની પુણ્યતિથી નિમિત્તે મહારાષ્ટ્ર સરકારના પૂર્વ મંત્રી અને ધારાસભ્યશ્રી યશોમતી ઠાકુર, એ.આઈ.સી.સી.ના પૂર્વ મહામંત્રી અને વરિષ્ઠ આગેવાનશ્રી દિપક બાબરીયા, ભારતીય રાષ્ટ્રીય સેવાદળના અધ્યક્ષશ્રી લાલજીભાઈ દેસાઈ, પ્રદેશ કાર્યકારી પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલ, પ્રદેશ ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, ગુજરાત પ્રદેશ મહિલા પ્રમુખશ્રી જેનીબેન ઠુમ્મર, પ્રદેશ મહામંત્રીશ્રી ગીતાબેન પટેલ, પ્રદેશ એસ.સી. સેલના ચેરમેનશ્રી હિતેન્દ્ર પીઠડીયા, મીડીયા કોકન્વીનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ, પ્રવક્તાશ્રી હિરેન બેંકર, શ્રી પાર્થીવરાજસિંહ કઠવાડીયા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સેવાદળના કાર્યકારી અધ્યક્ષશ્રી કિરણ પ્રજાપતિ, ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ ઉપપ્રમુખશ્રી કામીનીબેન સોની તથા કાર્યકરશ્રીઓએ ઉપસ્થિત રહી ચાચા નહેરુને પુષ્પાંજલી અર્પણ કરી હતી.

# શ્રીમંત ફતેહસિંહરાવ સાર્વજનિક પુસ્તકાલય દ્વારા પાણીની પરબનું ખાતમુર્હુત કરવામાં આવ્યું



પાટણની ઐતિહાસિક શ્રીમંત ફતેહસિંહરાવ સાર્વજનિક લાઈબ્રેરી દ્વારા પાટણ નગરસેવા સદન અને દાતાશ્રી શ્રીમતી હર્ષાબેન ભરતભાઈશાહનાં અને અન્ય દાતાઓનાં સહયોગથી ગુરુપુષ્ય અમૃત યોગમાં બારે મહિના લોકોને પીવાનું શુધ્ધ પાણી મળી રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે. આ પરબ માટે દાતાઓ શ્રીમતી હર્ષાબેન ભરતભાઈ શાહ-મુંબઇ, પૂજય મંગુબેન ત્રિભોવનભાઇ પટેલ - વાલમ, ડો. અશ્વિનભાઇ ડી. પટેલ, શ્રીમતી રચનાબેન વિક્રમભાઇ નગરશેઠ, શ્રી અશોકભાઇ પટોળાવાળા, ભરતભાઇ પટોળાવાળાએ આર્થિક સાથ સહકાર આપીં પાટણના મીની બસસ્ટોપ કહેવાતા ક્નસડા દરવાજા, રંગીલા હનુમાન પાસેના વિસ્તારમાં પાણીની પરબની શુભ શરુઆત દાતા ભરતભાઈ શાહ તથા શ્રીમતી હર્ષાબેન શાહ અને પાટણ નગરસેવા સદનના પ્રમુખ સ્મીતાબેન પટેલ તથા લાઈબ્રેરીના પ્રમુખ ડો.શૈલેષ બી. સોમપુરાનાં હસ્તે કરવામાં આવી હતી. આ પ્રસંગે લાઈબ્રેરીનાં પરિવારના સભ્યો તથા નગરપાલિકાનાં સભ્યો તથા સ્નેહીજનો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## વિશ્વ માસીક સ્વચ્છતા દિવસ

# સ્ત્રી સ્વાભિમાન યુનિટ CAC પુનાસણ ખાતે ઉજવાયો




સરકારશ્રીના ચાલતા અભિયાનમાં સંસ્થાનો સહિયારો સાથ.. અરવલ્લી.સા.કા.મા આવેલ શ્રવણ સુખધામ સંસ્થા ખાતે સ્ત્રી સ્વાભિમાન યુનિટ સી.એસ.સી સેન્ટર ભારત સરકારશ્રીના સહીયોગ થકી ચાલી રહ્યું છે જેમાં વિશ્રૃવ માસીક સ્વચ્છતા દિવસ ની ઉજવણી તારીખ ૨૭ મેં રોજ કરવામાં આવી વિશ્રૃવ માસીક સ્વચ્છતા દિવસ ની ઉજવણી વિવિધ સરકારી કચેરીઓ કોલેજો ન્યાયાલયો ઊર્જા વિભાગ એસ.પી કચેરી ખાતે ગાયકેનોજીસટ ડો રહીને માસિક સ્વછતા અંગે વિગતવાર આપી આ દિવસ ઉજવણી કરવામાં આવી રહી છે પુનાસણ ખાતે ચાલતા સ્ત્રી સ્વાભિમાન યુનિટ થકી શાળા કોલેજોમાં અભ્યાસ કરતી ગ્રામીણ ક્ષેત્ર ની દિકરીઓ ને સેનેટરી નેપકીન પેડ નાં પેકેટ દર માસે નિઃશુલ્ક પુરા પાડવામાં આવે છે સ્ત્રીઓને થતા સર્વોઈકલ કેન્સર (ગર્ભોશય ના મુખના) કેન્સર સૌથી વધુ પ્રમાણમાં જોવા મળે છે અને આ ગંભીર બિમારી માટે સરકારશ્રી પણ ખુબ મહિલાઓ ની ચિંતા કરી રહી છે ત્યારે આ બિમારી ના ખતરાથી મહિલાઓ ને બચાવવા માટે માસીકધર્મે વખતે શું શું કાળજી રાખવી કેવાં પ્રકારના કપડાં નો ઉપયોગ કરવો સૌથી વધારે સેનેટરી પેડ નો ઉપયોગ કરવો અને આવી બિમારીમાંથી બચવા માટે સર્વોઈકલ વેક્સિન અંગે જાગૃતતા ફેલાવવાનું કામ સ્ત્રી સ્વાભિમાન યુનિટ ના ભાવેશ પ્રજાપતિ કરી રહ્યા છે વિશ્રૃવ માસીક સ્વચ્છતા દિવસે સંસ્થાના આધસ્થાપક ઈન્દુ પ્રજાપતિ સેનેટરી નેપકીન યુનિટ ના સંચાલક ભાવેશ પ્રજાપતિ સ્ત્રી સ્વાભિમાન યુનિટ ના મેનેજર શ્રીમતી કિન્નરી દલવાડી ઊપસ્થિત રહી વિવિધ પ્રકારની ડિઝાઈન અને સુત્રો બનાવી અભ્યાસ કરતી દિકરીઓ અને મહિલાઓ ને સંદેશો આપી વિશ્રૃવ માસીક સ્વચ્છતા દિવસ ની ઉજવણી સંસ્થામાં આવેલ યુનિટ ખાતે કરવામાં આવી હતી.... ઈન્દુ પ્રજાપતિ એ માસિક ધર્મે માટે આપણા પૂર્વજો વડીલો એ માસિક અંગે જે તથ્યો રજુકર્યા છે તે આપણે ખોટી રીતે લઈ કેટલીક માન્યતાઓ ઉભી કરી છે માસિક ધર્મ વખતે વધુ સ્વચ્છતા રાખવાથી મહિલાઓ બિમારીઓ નો ભોગ બનતી અટકે છે ગ્રામીણ ક્ષેત્ર નાં વિસ્તારમાં હજુ પણ માસિક ધર્મ માટે જાગૃતતા ની જરૂર છે કેમ કે દિકરીઓ ખુબ શરમ અને સંકોચ અનુભવે છે ત્યારે ભાવેશ પ્રજાપતિ એક મુહીમ ઝડપી સેનેટરી પેડ અંગે જાગૃતતા ફેલાવી પેડમેન તરીકે જાણીતા બન્યા છે.....

રીપોર્ટ.. અહેવાલ .. હિરેન પ્રજાપતિ... અરવલ્લી..સા.. કાં

# ખોડલધામનાં પ્રણેતા નરેશભાઈ પટેલે સદભાવના વૃદ્ધાશ્રમનાં નવા ભવનનાં ભૂમિ પૂજન કાર્યક્રમની રૂપરેખાની સમીક્ષા કરી



૩૦ એકરમાં રુ.૨૦૦ કરોડના ખર્ચે નિરાધાર, પથારીવશ માવતરો માટે સદભાવના વૃદ્ધાશ્રમનું નવું ભવન બનાવવાનું આયોજન થઈ રહ્યું છે. રવિવારે તેનું ભૂમિ પૂજન યોજાયું છે જેમાં મોરારીબાપુ સહીત અન્ય સંતો, મહંતોનું સાથે સમગ્ર રાજકોટ, ભારતમાંથી ૧૦,૦૦૦ શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહેશે. રાજકોટમાં દેશનો મોટો ૭૦૦ રૂમનો વૃદ્ધાશ્રમ બનશે. દરેક માળે અગાશી હશે જેમાં વડીલો વોકિંગ કરી શકશે. પથારીવશ માવતરોની કેર કરવા માટે કેર ટેકરની મોટી ટીમ ચોવીસ કલાક ત્રણ સો પાંસઠ દિવસ ફરજમાં રહેશે. નવ નિર્મિત ભવનમાં દરેક જગ્યાએ, દરેક માળે, વડીલો વ્હીલ ચેરમાં જઈ શકે તેવી સુવિધા હશે. કુલ ૭ ટાવર હશે. દરેક ટાવરમાં ૧૦૦ રૂમ છે. દરેક રૂમમાં હવા -ઉજાશ,ગ્રીનરિ જળવાઈ રહે તેનો પૂરતો ખ્યાલ રાખવામાં આવ્યો છે. એકસાથે ૨૧૦૦ પથારીવશ બીમાર વૃદ્ધોને આશરો આપી તેની સાર - સંભાળ લઈ સારવાર કરાશે.

ખોડલધામનાં પ્રણેતા નરેશભાઈ પટેલે સદભાવના ધામની મુલાકાત લીધી. સદભાવના વૃદ્ધાશ્રમનાં નવા ભવનનાં ભૂમિ પૂજન કાર્યક્રમની રૂપરેખાની સમીક્ષા કરી. તેમણે પ્રસંગોચિત્ત માર્ગદર્શન આપતા જણાવ્યું કે, 'સદભાવના વૃદ્ધાશ્રમનાં ભૂમિ પૂજનનાં સમારંભ માટે સદભાવના વૃદ્ધાશ્રમનાં સર્વે કાર્યકર્તાઓ અને સરદાર પટેલ સોશિયલ ગ્રુપ, પડધરીનાં સર્વે કાર્યકર્તાઓ ખુબ મહેનત કરી રહ્યા છે. તેમણે વૃદ્ધો અને વડીલો માટે જે વ્યવસ્થાનો વિચાર કર્યો છે એવો કદાચ વિશ્વનો આ પહેલો વૃદ્ધાશ્રમ હશે. આવતીકાલે જયારે આ નવા વૃદ્ધાશ્રમનું ખાતમુહુર્ત થઇ રહ્યું છે ત્યારે માં ખોડલનાં આશિર્વાદ મળી રહે તેવી શુભેચ્છા.'

# ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સીટી માં વાઈસ ચાન્સલર નિમણુંક ની જાહેરાત ને લઈ ને વિવાદ



હંમેશા વિવાદો માં રહેલ ગુજરાત ની સૌથી મોટી ટેક્નિકલ યુનિવર્સીટી એવી ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સીટી દ્વારા આપવામાં આવેલ વાઈસ ચાન્સલર ની નિમણુંક ની જાહેર ખબર ને લઇ ફરી વિવાદ. આમ આદમી પાર્ટી ના શિક્ષણ સેલ ના ઉપાધ્યક્ષ અડોકેટ શીતલબેન ઉપાધ્યાય એ આરોપ લાગવ્યો કે ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સીટી દ્વારા વાઈસ ચાન્સલર ની જે જાહેરાત આપેલ છે UGC ના નિયમ વિરૃદ્ધ છે. UGC ના નિયમ અનુસાર વાઈસ ચાન્સલર માં પ્રોફેસર કક્ષા નો ૧૦ વર્ષ નો અનુભવ ફરજીયાત હોવો જોઈએ પરંતુ ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સીટી દ્વારા જે જાહેરખબર આપવામાં આવી તેમાં ૧૦ વર્ષ નો અનુભવ ઈચ્છનીય છે એવુ લખવામાં આવેલ છે. આમ આદમી પાર્ટી એ આરોપ લગાવ્યો કે આ જાહેરાત સરકાર ના કોઈ મળતીયા ને સેટ કરવા માટે આપેલ છે એટલે આ જાહેરાત તાત્કાલિક રદ કરી ફરી જાહેરખબર આપવમાં આવે.



આજ નો અમારો દિવસ ખુબ આનંદ માં ગયો. આજે અમે સાવરકુંડલામાં ગોપાલ કૃષ્ણ ગૌસેવા માં અમે લગભગ સવાસો ગાયો ને કેસર કેરી નો ચારો પીરસ્યો. લગભગ ૩૫ મણ કરી કાપી ને બધા એ સેવાનો અનેરો લાભ લીધો. સાવરકુંડલા ના સ્વામી નારાયણ ગુરુકુળના બધા સ્વામી અને વિદ્યાર્થી ઓ એ ખુબ સાથ સહકાર આપી ને આ સેવા ને સફળ બનાવી.

# ભાજપના બે સભ્યોના હોટલમાં રંગરેલિયા, વાત બહાર પડતાં જ બંનેને ભાગવું પડ્યું

(એ.આર.એલ),વલસાડ,તા.૨૭

વલસાડના ભાજપના નેતાના રંગરેલિયા હાલ ચર્ચાના ચગડોળે ચઢ્યા છે. ભાજપના બે નેતા એક હોટલના રૂમમાં એકાંતની પળો માણતા રંગે હાથ ઝડપાઈ ગયા હતા. જોકે, ત્યાર બાદ જોવા જેવી થઈ હતી. વાત ચારેતરફ ખબર પડતા તેમના પત્ની હોટલમાં દોડી આવ્યા હતા. તો બીજી તરફ, આબરુ ગઈ એ અલગ.

પ્રાપ્ત માહિતી અનુસાર, વલસાડ જિલ્લા પંચાયતના ભાજપના એક સભ્ય અન્ય મહિલા સભ્ય સાથે પોતાની કાર લઈને વલસાડની એક હોટલમાં પહોંચ્યા હતા. બંને જણા હોટલના એક રૂમમાં એકાંતની પળો માણતા હતા. ત્યારે અચાનક જ આ વાતની બહાર જાણ થઈ ગઈ હતી. આ વાતની જાણ જિલ્લા પંચાયતના સભ્યના વિરોધી એવા ભાજપના જ કેટલાક હોદ્દેદારોને થઈ હતી. જેથી તેઓએ તાત્કાલિક હોટલ પહોંચી ગયા હતા. આ તરફ, ભાજપના નેતાઓનું ટોળુ હોટલ પહોંચી જતા ભાજપી પુરુષ અને મહિલા નેતાને પરસેવો વળી ગયો હતો. ભાજપના હોદ્દેદારોનું ટોળુ હોટલમાં ધસી ગયું હતું. તેથી હોટલના માલિકે પોતાની કારમાં બેસાડીને બંને નેતાઓને ગુપચૂપ રવાના કરી દીધા હતા. આથી લાજ બચી હતી.પરંતુ આ ઘટનાની જાણ પુરુષ નેતાના પત્નીને થઈ હતી, જેથી તે તાત્કાલિક હોટલમાં દોડી આવ્યા હતા. પરંતુ પતિના રંગરેલિયાનો ભાંડો ફૂટી ગયો હતો. કારણ કે, હોટલમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં તમામ હરકતો કેદ થઈ ગઈ હતી.



રાજકોટ મહાનગરના નવ નિયુક્ત પ્રમુખશ્રી મુકેશભાઈ દોશી ને હૃદય પૂર્વક ની શુભકામના સહ ખૂબ ખૂબ અભિનંદન જય રામનાથ.

# ચાણસ્મા તાલુકાના રૂપપુર ગામે મહાકાળી માતાજીની રમેલ યોજાઈ



ચાણસ્મા તાલુકાના રૂપપુર ગામે દિલીપભાઈ પટેલ પરિવાર દ્વારા તેમના ખેતરમાં બનાવવા માં આવેલા નાના મહાકાળી માતાજી અને ગોગા મહારાજ ના મંદિરે દેરાસરું રમેલ યોજાઇ હતી આ પ્રસંગે ગામ સહિત ભુવાજીઓ ઉપસ્થિત રહ્યા હતા અને રમેલ સૌ ઉપસ્થિત ભક્તજનોને સૌની મનોકામના પૂર્ણ થાય તેવા સુભાષિત માતાજીની પ્રેરણાથી પાઠવ્યા હતા જયારે રમેલના યજમાન દિલીપભાઈ પટેલ પરિવાર દ્વારા ઉપસ્થિત સૌ ભૂવાજીઓનું સામૈયા સાથે ઉમંગભેર સન્માન કરાયું હતું આ પ્રસંગે મહાકાળી માતાજીના ભુવાજી કોકીલાબેન સાધુ માતાજી એ માતાજીને પ્રેરણાથી રહે નો આરોગ્ય સારું રહે સૌ ભક્તજનોને ખેતી ધંધા ક્ષેત્રે ખૂબ લાભ થાય તેવા આશીર્વાદ ભર્યા વેણ કર્યા હતા જયારે બીજા દિવસે માતાજીની તેલ ફૂલ ચડાવીને માતાજીની રમેલ નું સમાપન કરાયું હતો.

# કપાસિયાના નામે પામોલીન તેલ વેચવાનું કૌભાંડ

(એ.આર.એલ),રાજકોટ,તા.૨૭

રાજકોટ શહેરમાં નફાખોરી માટે ભેળસેળ અને હલકી ગુણવત્તાની વસ્તુઓ વધુ પૈસા લઈને વેચવાની વૃત્તિ અમુક તત્ત્વોમાંથી જતી જ નથી. ફરી એકવાર આવા લેભાગુ તત્ત્વોનો પર્દાફાશ થયો છે. ફૂડ શાખાએ લીધેલા એક સેમ્પલમાં કપાસિયા તેલના નામે પામોલીન ધાબડીને વેચવાનું કૌભાંડ સામે આવ્યું છે. મનપાની ફૂડ શાખાએ દોઢ મહિના પહેલા ચુનારાવાડ-૪માં સુનિલ હરેશ રાવતાણીની પેઢીમાં વેચાતા સ્વસ્તિક બ્રાન્ડ કપાસિયા તેલના ૧ લિટર પેકેટનો નમૂનો લીધો હતો. આ પેઢીમાં લૂઝ તેલ મગાવીને તેને ફરી પેકિંગ કરી લેબલ લગાવી વેચવામાં આવતું હતું. સેમ્પલ લીધા બાદ તેના રિપોર્ટ આવતા તંત્ર પણ ચોંક્યું હતું કારણ કે, જે તેલ કપાસિયાના નામે વેચાઈ રહ્યું છે તેમાં ૧ ટકા પણ કપાસિયાની હાજરી મળી નથી. આ તમામ તેલ પામોલીન જ હતું અને તેને કપાસિયાના નામે વેચી દેવાતું હતું. આ નમૂનો ફેલ થતા હવે એજ્યુડિકેટિંગ ઓફિસર અધિક કલેક્ટરની કોર્ટમાં કેસ ચાલશે. પામોલીન તેલ ભાવેભાવ વેચવામાં આવે તો પણ તેને વેચનારને થોડો ઘણો નફો તો થતો હોય છે પણ સુનિલે આ નફા ઉપરાંત કપાસિયા અને પામોલીનના ડબ્બાના ભાવમાં જે ૩૦૦ રૂપિયાનો ફેર છે તે પણ હજમ કરી જવા માટે લૂઝમાં તેલ ખરીદીને બાદમાં તેને બોટલમાં પેક કરી તેના પર કપાસિયાનું લેબલ લગાવી વેચવાનું ચાલુ કર્યું છે. જોકે આ કેટલા સમયથી ગોરખધંધો ચલાવતો હતો, માલ ક્યા ક્યા હોલસેલમાં વેચ્યો તે બધી જ બાબતો હજુ સુધી સ્પષ્ટ થઈ નથી. પામોલીન તેલને કપાસિયા તરીકે વેચાય તો કોઈને ખબર ન પડે તે પ્રશ્ન કરાતા આરોગ્ય અધિકારી ડો. જયેશ વંકાણીએ જણાવ્યું હતું કે, પામોલીન સૌથી સસ્તું તેલ છે. આ તેલનો ઉપયોગ અન્ય તેલમાં ભેળસેળ કરવા વપરાતું હોવાનું ધ્યાને આવ્યું છે. પણ, પામોલીન તેલ જ બીજા નામે વેચવા માટે તેમાં એસેન્સ નખાય છે. જેને આર્ટિફિશિયલ ફૂડ એનહાન્સર કહેવાય છે. આવા એન્હાન્સર વેચવા પર પ્રતિબંધ છે છતાં અમુક શખ્સો તે શોધી કાઢે છે. આ એસેન્સ પામોલીન તેલમાં નખાય એટલે કપાસિયા ઉપરાંત સિંગતેલની પણ સુગંધ આવે છે આ રીતે ગ્રાહકોને હલકો માલ વેચવામાં આવે છે. ફૂડ શાખાએ કોઠારિયા રોડ સ્વિમિંગ પૂલ પાસેથી નિશાંત સતાશિયા નામના વ્યક્તિની દુકાનમાં છૂટક વેચાતા ઘીના નમૂના લીધા હતા જેના રિપોર્ટમાં વેજિટેબલ ફેટ એટલે કે પામોલીનના ઘીમાં હળદર ભેળવીને વેચાતું હોવાનું સામે આવ્યું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4